


શ્રી જિનમંદિર જોરાવરનગર [સૌરાષ્ટ્ર]
શ્રી કંચનબેન સૌભાગ્યચંદ શાહ
શાંતાક્રૂઝના સૌજન્યથી.



શ્રી નવપદજીનું દહેરાસર-થાણા.



શ્રી જિનમંદિર-શેરીસા [કલોલ]

# ઈનામી યોજના અંગે

આજ સુધીમાં અમે ૪ ઈનામી યોજના રજુ કરી છે, અને ૪૫૦ રૂા. લગભગનું ઇનામ વહેંચ્યું છે. પ્રવેશ ફી એક પાઇ પણ રાખી નથી. યોજના ચાલુ કરવાનું એક જ પ્રયોજન હતું, કે બાળકો અને યુવાનો આ યોજનાને અંગે 'કલ્યાણ' માસિકને વધુ રસપ્રદ રીતે જુએ અને વાંચે.

ઈનામી યોજનામાં સારી એવી સંખ્યામાં ભાઇ-બ્હેનો ભાગ નહિ લેતાં હોવાથી બંધ કરવાની ભાવના થઇ છે, છતાં બંધ કરતાં પહેલાં અમારા શુભેચ્છક મહાશયોનો અભિપ્રાય માંગીએ છીએ. ચાલુ રાખવાનો આગ્રહ હશે તો તેમ કરીશું.

યોજના નં. ૪ નું પરિણામ આ અંકમાં પ્રગટ કરીએ છીએ.

ઈનામી યોજના ચાલુ રાખવાનો નિર્ણય થશે તો હવે પછીના અંકમાં યોજના નં. ૫ રજુ થશે.


: સંપાદક :

સોમચંદ ડી. શાહ

વર્ષ ૮ અંક ૯; નવેમ્બર-૧૯૫૧; કાર્તિક ૨૦૦૮

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશ વાહક

વર્ષ ૮ મું; ❁ અંક ૯;
કાર્તિક-૨૦૦૮. નવેમ્બર-૧૯૫૧.

# વિષયાનુક્રમ.


| લેખ. | નામ. | નંબર. |
| --- | --- | --- |
| નૂતનવર્ષાભિનંદન.... ......... | શ્રી પ્રદીપ | ૩૭૧ |
| નીતિનો દુષ્કાળ............... | લો૦ ના૦ | ૩૭૧ |
| નારીકુંજ......... | પન્નાલાલ જ. મસાલીઆ | ૩૭૨ |
| ગગનનું સૌંદર્ય....... | શ્રી ફતેલાલ સંઘવી. | ૩૭૪ |
| ફુલ અને ફોરમ......... | શ્રી એન. બી. શાહ | ૩૭૫ |
| કર્મ વિચારણા..... | ડૉ. વલભદાસ નેણસીભાઇ | ૩૭૭ |
| સદાચાર... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૩૭૯ |
| ધન્ય સમર્પણ ..... | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૩૮૩ |
| પ્રસિધ્ધિનો મોહ... | ,, | ૩૮૫ |
| પરપોટા......... | ,, | ૩૮૬ |
| શંકા-સમાધાન...... ........... | ......પૂ. આ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. | ૩૮૭ |
| બાલજગત............... | જુદા જુદા લેખકો | ૩૮૯ |
| ધરતી લક્ષ્મી.......... | શ્રી ચીમનલાલ શાહ | ૩૯૫ |
| વૈરાગ્યનાં ટંકાર | પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. | ૩૯૭ |
| લક્ષ્મીનો ગુલામ......... | શ્રી રસીકલાલ શાહ | ૩૯૯ |
| માનવતાનો દીવો.......... | સ્વ. શ્રી મેઘાણી | ૪૦૧ |
| યાદ રાખો.... | પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. | ૪૦૫ |
| યોજના નં. ૪ નું પરિણામ... | કાર્યાલય તરફથી | ૪૧૦ |


## સૂચના

ભેટ પુસ્તકો માટે હવે ૦-૪-૦ કે ૦-૧૪-૦ મોકલવા નહિ. પુસ્તકો સીલીક નથી.

નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલાવાય છે.

મની ઓર્ડર કે પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર જરૂર લખવો.

## નવા સભ્યોનાં નામો તથા સહકાર.

**પૂ૦ મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો.**

રૂા. ૨૫, શેઠ છોટાલાલ નાનચંદ ભાવનગર

રૂા. ૧૧, શ્રી કીર્તિકુમાર મણીલાલ મહેતા ભાવનગર

રૂા. ૧૧, શ્રી જયંતિલાલ કેશવલાલ મહેતા ભાવનગર

રૂા. ૨૫, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ ફલોધી પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૨૫, શ્રી રમણલાલ કચરાભાઇ મુંબઇ પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૨૫, શ્રી મગનલાલ મુરજીભાઇ મુંબઇ-૧૧

રૂા. ૧૫, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ પીંડવાડા. પૂ. પંન્યાસજી શ્રી માનવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી ચીમનલાલ નાગરદાસ વોરા દીલ્હી પૂ. મુનિરાજ શ્રી જયકીર્તિપ્રભવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, કોઠારી ડાહ્યાભાઈ નગીનદાસ વડોદરા

રૂા. ૧૧, શ્રી રમણલાલ છનાલાલ મુંબઇ-૨

રૂા. ૧૦, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ વાંકાનેર પૂ. મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૫, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ મુરબાડ હા. શ્રી પોપટલાલ મોહનલાલ

રૂા. ૫, જૈન વિશાશ્રીમાલી સંઘ જામનગર પૂ. મુનિરાજ શ્રી લલીતવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

વડોદરા ખાતેના અમારા
**એજન્ટ**
**જે. એન. કોઠારી**
ઠે૦ કરોળીયા પોળ, વડોદરા.

જૈન સમાજનું લોકપ્રિય માસિક
# કલ્યાણ
સંપાદક: સોમચંદ. ડી. શાહ
વાર્ષિક લવાજમ રૂા ૫-૦-૦.
કલ્યાણ પ્રકાશન મંદિર.
પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

—: નૂતનવર્ષાભિનંદન :—

વાધો કીર્તિ અથાગ વિશ્વ સઘળે,
રહેજો સદા નામના;
શાંતિ સ્નેહ સદા વસો જીવનમાં,
થાજો પૂરી કામના;
પામો ધર્મ તથા સુખ સદા,
વાંછુ નૂતનવર્ષમાં;
અભિનંદન હૃદયોતણાં એમ હજો,
હેતે ઘણા હર્ષમાં.

શ્રી પ્રદીપ

## * નીતિનો દુષ્કાળ *

ગુજરાતમાં આ વર્ષે ઓછો વરસાદ પડવાથી દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઈ છે. આ મુશ્કેલીને પહોંચી વળવા દુષ્કાળ રાહત સમિતિએ અત્યારથીજ કમર કસી છે. સરકાર પણ આ વખત પુરેપુરી જાગૃત છે, એટલે ખાસ વાંધો નહિ આવે, એમ લાગે છે.

દુષ્કાળમાં અનાજ અને ઘાસચારાની તેમજ પાણીની મુશ્કેલી વિકટ બને છે. સમિતિ અને સરકાર અનાજ અને ઘાસચારો મેળવવા આકાશ પાતાળ એક કરશે, એમાં શંકા નથી. પાણી મેળવવા ધરતીનાં પડ ભેદશે. બોરીંગો, કુવાઓ વગેરે માટે પ્રયત્નો થશે અને પ્રચંડ પુરૂષાર્થ-દ્વારા આ આપત્તિમાંથી પ્રજાને ઉગારવા બધું જ થશે, એમ માની શકાય.


પરંતુ હું જે દુષ્કાળની વાત કરૂં છું તે નીતિનો, સત્યનો, ધર્મનો ને માનવતાનો દુષ્કાળ આજે દેશને ઘેરી વળ્યો છે, તેમાંથી ઉગરવા આપણે શું કરવું જોઇએ ?

આ દુષ્કાળ છેલ્લા દશકાથી વ્યાપક બન્યો છે. ગયા યુદ્ધે માનવીમાંથી માનવતા અદૃશ્ય કરી છે. વરસાદના અભાવે પડેલો દુષ્કાળ તો કાલે પસાર થઇ જશે, પરંતુ આ દશકાથી પ્રજાજીવનને કોરી ખાતા દુષ્કાળના અંતનો કોઈ આરોજ જણાતો નથી, તેનું શું ?

પેલા દુષ્કાળથી લોકો અનાજ, પાણી વિના ને ઢોરો ઘાસ પાણી વિના ભૂખે મરે છે, જ્યારે આ નીતિના દુષ્કાળમાં તો લોકો પૈસા અને સત્તા વિના ભૂખે મરી રહ્યા છે, પરિસ્થિતિ એટલી હદે કરૂણ બની છે કે, પૈસો અને સત્તા મેળવવા અને તેને સાચવી રાખવા તરફડીયા મારતા માનવીને જોતાં પહેલાં અનાજ વગર મરતાં માનવી કરતાંય વધુ કરૂણ દૃશ્ય નજરે પડે છે. પેટની કોઠી ભરવા તો શેર-અશેર અનાજ બહુ થઇ પડે, પણ આ પૈસા ને સત્તાની લાલસા તૃપ્ત કરવા કોઇ મર્યાદાજ નથી.

પરિણામ એ આવે છે કે, આવી નીતિનો દુષ્કાળીઆ પસો કેમ વધે અને સત્તાના સૂત્રો કેમ પોતાના હાથમાં રહે એ માટે ધરાઇને ખાતા કે ઉંઘતા પણ નથી. આજે તો વાણોતરને શેઠ થવું છે, અને પટાવાળાને સાહેબ બનવું છે. પોતાનું ગજુ વિચાર્યા વગર અધિકાર બહારની સત્તા વાપરવા સારૂ ફાંફા મારતા આવા નીતિના દુકાળીઆ જ્યારે આપણી નજરે ચડે છે, ત્યારે આપણને સ્વાભાવિક એમ થાય છે કે, આ ભૂખ સમાવવા કોઇ ઈલાજ શોધાશે ખરો ?

[ લો૦ ના ]




શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

## ધર્મશીલ બ્હેનોને !

વંદન હો ! ભારતની પવિત્ર ધરા પર રમતી શીલરસિક બ્હેનોને ! તમારા લીધેજ મા-ભારતીની કીર્તિ ધવલ ચંદ્રિકા શી અતિ ઉજ્જવલ છે. તમેજ જગતના શ્રેષ્ટ શણગાર રૂપ છો. તમારાં તપ, તેજ અને શ્રમસાધ્યપણાથીજ જગતની શોભા છે. બાકી સંસારના ઉજ્જડ વેરાનમાં વિશેષ શો ભલીવાર છે ?

પુરાણ પૂર્વજોએ તમારા જેવી સુશીલ અને ધર્મચારી પુત્રીઓનાં જયગાન ગાયાં છે. અનંત યુગોથી ઋષિ-મુનિઓએ પોતાના મુક્તકંઠેથી શ્રેષ્ઠ પ્રશંસા કીધી છે. જિનાગમનાં મહામૂલાં પાનાંઓ પર પણ તમારી ઉજ્વલ કીર્તિ સુવર્ણાક્ષરોથી અંકિત પડી છે. અરે, દેવો પણ તમારા જેવી ધર્માત્મા સ્ત્રીઓની રત્ન-કુક્ષીથી અવતરવા ઉચ્ચ અભિલાષા ધરે છે. શા માટે? તમે શિક્ષિત છો, ચબરાક છો કે અપ્રતિમ બુદ્ધિશાળી છો એટલા માટે નહિ, કે ચંપાના ફુલ જેવાં મનોરમ રૂપવાન છો એટલા માટે પણ નહિ; પરંતુ આપના સ્વચ્છ અંતઃકરણમાં એક અલૌકિક તેજ પ્રવાહ વહી રહ્યો છે માટે. એ પ્રવાહ તે શીલનો, સતીત્વના ઉજ્જવલ ગુણનો, અને એથીજ અમે પણ આપને મસ્તક ઝુકાવી નમન કરીએ છીએ ! નિત્ય પ્રભાતે ઉઠી આપના જેવી સુંદર શીલરસિક ધર્મપરાયણ બેનોનાં નામ લઇએ છીએ !

જેના હૈયામાં આજન્મ સતીત્વનો અદ્ભૂત પ્રકાશ તાદાત્મ્ય સાંધી રહ્યો છે. એવી વિરલ નારીજ્યોતને જગતનો કોઇજ અંધકાર ડારી શકતો નથી. જેનાં વિવેકચક્ષુમાં વિષયનાં અફીણ અંજાયાં નથી એને જગતનો કોઇજ શયતાન પોતાની પાશવીલીલામાં બેહોશ બનાવી શકતો નથી. પાપીઓની ચાલાકી ગુણ-રત્ન નારીઓ પાસે નાકામિયાબ નીવડે છે, ગુંડાઓની તીક્ષ્ણ છૂરી ભાંગી પડે છે, ત્યારે કામાંધોનાં વિષચક્ષુ સતીનારીની દેવજ્યોતિ પાસે સદા મીંચાઇ જાય છે. વિશ્વનું કોઇજ છળ અહીં ફાવી શકતું નથી.

પણ, છતાં આવાં મહામૂલાં સતીત્વના રક્ષણ માટે નારી સમાજે સદા જાગૃત રહેવું જોઇએ. એની પવિત્રતાનું હરણ કરવા લાગ સાધી રહેલા કામીજનોરૂપી અસુરોનો આજે યે તોટો નથી. આ નરાધમો યાવત્ ધર્મસ્થાનકો રૂપી પંચવટી લગી આવતાં ય ખમચાતા નથી. સ્હેજ પ્રમાદ કે વેવલાઇપણું આ પામર જનોની પાપી વાસનાઓમાં અતિવ વૃદ્ધિ કરશે. એ નિર્વિવાદ છે. અહીં કહું છું તે સદાચારી કે સાધુહૃદયપુરૂષોની જરાએ વાત નથી.

બેનો ! લાલચ કે સુંદર શબ્દોથી કદી ભોળવાશો નહિ. મીઠા કે સુંવાળા શબ્દોની પાછળ જાળ કેવી પાથરેલી હશે તે કોઇ જાણતું નથી ! બની શકે ત્યાં લગી પોતાના પતિદેવ કે મા જણ્યા બંધુ વિના જયાં ત્યાં જેની તેની સાથે ફરવાની કુટેવો ત્યાજ્ય કરવી જોઇએ. આર્ય નારીઓએ તો પરપુરૂષની છાયા માત્રથી સુદૂર રહેવું જોઇએ.

બેનો ! તમારાં દિવ્યચક્ષુઓ તેજની ધાર જેવાં તીક્ષ્ણ રાખો. જેની ઝગમગતી અગન-જવાળાઓ ભૂલેલા ભાંડૂઓની પાપ-વાસનાઓ સમૂળી ભસ્મસાત્ કરી મૂકે.

ત્યારે શું આવી ગુણીયલ નારી કદીપણ ઉદ્ભટ વેષ સજે ? પાશ્ચાત્યોની કેવલ નકલ રૂપ અંગ-ઉપાંગોનાં વિરૂપાં પ્રદર્શન થવા દે ? જયાં ત્યાં જેની તેની સાથે એકાકી ફરવાની પ્રવૃત્તિ કેળવે ? ના. વળી એ પુરૂષ સમોવડી થવાની ઘેલી ભ્રમિત માન્યતાઓમાં કદી ફસે ? ના. કારણકે સ્ત્રી અને પુરૂષ બન્નેનાં કાર્યક્ષેત્રો સાવ જુદાં છે. સૌએ પોત-પોતાનાં કર્તવ્યધર્મોમાં જ રત રહેવાનું છે. એમાં જ એની વ્યવહારકુશળતા, સેવા કે શોભા રહેલી છે.

તમે ગુણરત્ન છો, તો મોટાઇની તમારે તલમાત્ર જરૂર નથી. મોટાઇ માંગી આવી શકે છે ? ના, એ તો શાન્ત સદ્ગુણોની સાથેજ વહી છે, અને એમાંજ તમારા ઐશ્વ-ર્યની સાચી ચાવી છૂપાએલી છે. એ તદ્દન સાચી વાત છે.

સાદાઇનો આદર્શ એજ તમારી મોંઘી મૂડી છે. શીયલધર્મ એ જ તમારો શ્રેષ્ઠ શણગાર છે અને નિર્દંભ પતિસેવામાં જ તમારી ઈતિકર્તવ્યતા સમાએલી છે. આથી વધારે ખુશનશીબી બીજી શી હોઇ શકે ?

રે ! માંકડું માયાનું જોર ? એ તમારી પાસે કાં ફાવે છે ? આ માયારૂપી રાક્ષસણીની કાવાદાવાખોરીએ જ તમને સ્ત્રીવેદ પ્રાપ્ત કરાવેલ છે. એની જાળમાં હવે પછી ફસાતા ના !

બેનો ! ભલાં થઈ અંતરનું ધર્મભવન અત્યંત સ્વચ્છ રહેવા દેજો. સત્ય અને ન્યાયના પ્રકાશવડે એને ઝગમગતું બનાવી દેજો, જૈનત્વની સુંદર કેળવણી પામેલી કન્યાઓએ એમાં ઇર્ષા, વહેમ અને નિંદાનાં જાળાં બાઝવાં દેવાં જોઈએ નહિ કે અસાત્વિક વિચારોનો કચરો જમા કરવો નહિ.

## ધર્મશીલ બ્હેનો આટલું ધ્યાનમાં રાખે !

૧. શીયલસંરક્ષણ માટે ચાહે તેવા સંકટો વેઠી લે. નિજ ધર્મનું લીલામ કરવા કરતાં મૃત્યુને વહેલું પસંદ કરે.

૨. પ્રેમલા-પ્રેમલીની તુચ્છ વાતોથી એનું હૈયું રીઝે નહિ. મેનકા બનવા કરતાં સીતા થવાનું પસંદ કરે.

૩. વિદેશી શિક્ષણને ખાતર પોતાના શ્રેષ્ઠ કુલ-ધર્મને વિલોપે નહિ. આગળ આવવાના સસ્તા મોહમાં સ્ટેજ ઉપર ચડી નટીઓની નકલમાં અક્કલ ગુમાવે નહિ.

૪. સુંદરતાના મોહમાં ફસી સીના ઉપર પફ-પાવડરોના લેપડા ચોડવા કરતાં અભંગ ચેતનાની તેજ ફુવારીઓ વરસાવી રહે. સુવ-ર્ણ કે મોતીના અલંકારો કરતાં સેવા, સૌજન્ય અને નિરભિમાનીપણામાં શણગાર સજે.

૫. તપ, તેજ અને પવિત્રતાથી જગજનોને અતીવ શાન્તિ આપે. કલ્યાણમૈત્રી બની બળતા વિશ્વને સદ્ધર્મની સહાયથી ઉગારી રહે. છતાં નમ્રતાને ચૂકે નહિ.

ધર્મએ શીલરસિક બેનોનું ધનુષ છે. ને સત્ય એ ધનુષ પર ટંકાર કરતું અજેય બાણ છે. એને વાપરવાનું બળ કેળવી જીવનને સતી સીતા, દમયંતી અને રાજીમતીની જેમ નિર્મલ-નિષ્કલંક બનાવે !

નમન હો ! આર્યદેશની પવિત્ર ધરા પર ઘૂમતી આવી તેજમૂર્તિ, ધર્મચારી આર્ય કન્યાઓને ! અને ધૈર્યની સુમંગલ પ્રતિમા સમી આદર્શપ્રિય મારી બ્હેનોને !

# ગગનનું સૌંદર્ય

શ્રી મફતલાલ સંઘવી

ગગન સામે જોઇને બેસી રહેવામાં મને અનેરો આનંદ આવે છે. મન મારૂં જેમ જેમ આકાશની અનંતતામાં સમાતું જાય છે તેમ તેમ જીવનને ચારેય દિશાએથી વળગી રહેલા ક્ષુદ્ર ખ્યાલો નામશેષ થતા જાય છે. ઘર, સમાજ, રાષ્ટ્ર ને દુનિયાના સર્વ સંબંધોને કેમ જાળવી શકાય તેનું આકાશદર્શન પછી સ્પષ્ટ જ્ઞાન થાય છે.

સ્રષ્ટાનું આનંદકાવ્ય ને ગગન. નથી ત્યાં રાજતી અલ્પતા કે મહત્તાની રંક લાલસા, સંસારવિજયી બનવાની ઘેલી મહેચ્છા, પક્ષાપક્ષી, નિંદા, કુથલી, અહં કે કામનાની કલ્પના.

ત્યાં જોવાનું દિલ કોને ન થાય ? જ્યાં જીવનના મહાજીવનને અનુરૂપ ભાવનાનો સાગર ગર્જતો હોય, કશુંજ ગુમાવ્યા સિવાય જ્યાંથી બધું જ પામવાનું હોય, નયન મીલાવતાંની સાથે જ અનંત શાંતિ અને કલ્યાણમય જીવનની કવિતાનો પયગામ ઝીલાય છે જ્યાંથી, ત્યાં જીવનભર તાકીને બેસી રહીએ તો શું ન પામીએ ?

સાંભળ્યું છે કે, રત્નાકરના અગોચર કોતરોમાં પાણીદાર બહુમૂલાં રત્નો પાકે છે, વનના કો' અજ્ઞાત પ્રદેશમાં રૂપગંધવંતાં પુષ્પો ખીલે છે. તેજ રીતે ગગનની હૃદયકુંજે રાજે છે કુંભ અમૃતનો. ગગન પ્રદેશ સાથે જોડાયેલું હશે મન તેનું તે જરૂર એક દિવસ તેના હૃદયસ્થિત અમૃતકુંભને નિહાળી શકશે. નિહાળી શકશે એટલું જ નહિ, પરંતુ તે કુંભમાંથી બે ટીપાં અમૃત ચાખી પણ શકશે.

પણ છૂટી હશે જેની લાલસાઓ નશ્વર પદાર્થો પ્રતિની, જેને સંસારના ક્ષણિક સર્વ વૈભવો અકારા લાગ્યા હશે તેજ તે અમૃતફોરાંનો અધિકારી બની શકશે.

મર્ત્યલોકમા જીવો જ્યાં સુધી મર્ત્યલોકની જ હવામાં ઉછરતા રહે છે. ત્યાં સુધી તેમને અમર્ત્યોના આનંદપ્રદેશનો મહિમા નથી જ સમજાતો.

આકાશની ભાષા, ભાવના અને અનંતતાને નિજ જીવન કાવ્યમાં ગૂંથવાને માટે, માનવે આકાશ સાથે શુદ્ધહૃદયની મૈત્રી સાધવી જોઇએ. મધરાતની શાંત પળો દરમ્યાન તેની હૃદયની વિશાળતા અને દિવ્યતાનું પાન કરવાનો અભ્યાસ પાડવો જોઇએ.

તારા, સૂરજ અને ચન્દ્ર જેવા તેજસ્વી આત્માઓ દિનરાત જેની સોબત કાજે ઝંખે છે, તે ગગન સાથે જો માનવી સાચી અંતરની લગનીથી જોડાઇ શકે તો તે માનવજાતને ચરણે શું ન ધરી શકે ?

નિશદિન અલ્પતાને ખોળે જીવન વિતાવી રહેલા માનવકુલને જીવનની અનંતતાનો પાઠ ભણાવવા માટે ગગનથી વધુ મોટું બીજું એક પણ નિમિત્ત નથી. સમસ્ત ભૂમંડલના છત્રસ્વરૂપ ગગન, માનવીની દ્રષ્ટિમર્યાદા બહાર તો ન જ ગણાય ! છતાં માનવી ત્યાંથી કેટલું ઝીલે છે ?

નિરંતર આનંદના અમૃત-ફોરાં વર્ષી રહેલા ગગનને ખોળે નિજ મસ્તક ઢાળી, જે માનવી 'સર્વકલ્યાણ'ની ભાવનાના બીજને પોષશે તે એક દિવસ અવશ્ય સર્વકલ્યાણનો મેઘ વર્ષશે સંતપ્ત માનવકુલ ઉપર.

ગગનને જોયા પછી જીવનની અનંત દિવ્યતાનું ભાન કોને ન રહે ?

જૈન ધર્મનું અજોડ માસિક કલ્યાણ;
લવાજમ રૂા. ૫-૦-૦

# ફુલ અને ફોરમ — શ્રી એન. બી. શાહ

[ જીવન સંગ્રામમાં સાચો વિજયી કોણ ? માનવતાની મહામૂલ્ય સંપત્તિ જેની પાસે છે, તે માનવ જીવનમાં વિજય મેળવે છે. તે અહિં રજૂ થાય છે.

## હાર-જિત

**તમને** યાદ છે ? એક દિવસ જ્યારે આપણે લંગોટીઆ દોસ્તો હતા, ત્યારે આપણે પ્રતિજ્ઞા લીધેલી કે, સુખ-દુઃખમાં, ચડતી-પડતીમાં જ્યાં પણ હોઇશું ત્યાં આપણે એક-બીજાને કદી ભૂલીશું નહિ, અને જરૂર પડયે ગમે ત્યારે મુશીબતની વચ્ચે પણ એક બીજાની પડખે ઉભા રહીશું, આ વાતને ઘણાં વર્ષો વિતી ગયા પછી આપણે જ્યારે ફરીથી મળ્યા ત્યારે નશીબનું ચકકર ફરી ચૂકયું હતું.

તમે એક મીલના માલીક બની ગયા હતા. અને તમારીજ મીલમાં નોકરી કરતો હું એક ગરીબ કારકુન હતો. આમ જાણતાં-અજાણતાંજ તમે મારા શેઠ બની ગયા હતા, અને હું તમારો દાસ બન્યો હતો. જો કે આ વાતની ન તો મને ખબર હતી કે ન તો તમને, કારણ કે આપણા બંનેનું મીલન કોઈ વખત હજુ સુધી થવા પામ્યુંજ ન હતું, તેમજ ફોઈએ પાડેલુંનામ ગમે તે કારણે તમે ફેરવી નાંખ્યું હતું.

પણ એક દિવસ મીલમાં અકસ્માતનો હું ભોગ બન્યો અને એના પરિણામે મને રજા આપવામાં આવી. હું બેકાર બન્યો. મારૂં સંસારનું નાવડું ઝોલા ખાઈ રહ્યું હતું છેવટે મેં તમારી પાસે આવવાનો નિશ્ચય કર્યો. મને આશા હતી કે, મીલમાલિક શેઠ મારી કરૂણદશા જોઇ મને ફરીથી નોકરીમાં દાખલ કરવાનો હુકમ મીલના મેનેજરને જરૂરથી જણાવશે.

અને મેં જ્યારે તમને જોયા ત્યારે મારૂં હૃદય આનંદથી નાચી ઉઠયું. હું તમને તરતજ ઓળખી ગયો અને હર્ષાવેશમાંજ તમારૂં નામ દઇને મેં તમને સ્નેહપૂર્વક બોલાવ્યા.

પરંતુ મને જોઇને તમે તમારૂં મુખ ફેરવી લીધું, ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હું ભોંઠો પડયો હતો, છતાં પણ કદાચ તમે મને ઓળખી શકયા ન હો એમ અનુમાન કરીને મેં તમને કહ્યું.

'તમે મને ન ઓળખ્યો ? હું તમારો લંગોટીઓ દોસ્ત........... ' અને અધવચ્ચેજ તમે ખડખડાટ હસી પડયા, અને તિરસ્કાર-પૂર્વક જે શબ્દો આપે મને સંભળાવેલા તે હજુ હું ભૂલી શકયો નથી. આ રહ્યા તમારા તે શબ્દો. 'એક મામુલી મીલનો કારકુન અને તે મારો દોસ્ત ! કદી સાપ અને નોળીયા વચ્ચે દોસ્તી થઇ હોય એવું સાંભળ્યું છે ? કદી વાઘ અને બકરી મિત્રો બન્યાં છે ? કદી ઉંદર અને બિલાડી સાથે ભાઇબંધી જોઇ છે ? છ૬ છ૮ તું અને હું કદી મિત્ર હોઇ શકીએ જ નહિ.'

એ તમારા શબ્દો મારા હૃદયમાં ખંજરની જેમ ભોંકાઇ ગયા હતા. છતાં મેં પૂછ્યું, 'પણ આપણી પ્રતિજ્ઞા ? આપણી બચપણની દોસ્તી ?'

પ્રતિજ્ઞા ? એવી તો મેં કેટલીયે પ્રતિજ્ઞાઓ લીધી હશે. જો એ બધી આજ હું પુરી કરવા બેસું તો મારે જીવવું ભારે થઇ પડે, અને દોસ્તી તો શ્રીમંત શ્રીમંત વચ્ચે

હોય, ગરીબ ગરીબ વચ્ચે હોય, જે સરખે સરખા હોય તેની વચ્ચે હોય. પણ એક શ્રીમંત અને એક ગરીબ, એક શેઠ અને એક નોકર વચ્ચે દોસ્તી કદી ન સંભવી શકે. એમ કહીને તમે અક્કડતાપૂર્વક રૂવાબભેર તમારા દિવાનખાનમાં ચાલ્યા ગયા હતા. યાદ છે એ દિવસ ?

પણ વિધિની વિચિત્રતા કોણ સમજી શકયું છે ? આજ ફરીથી એકવાર નશીબનું ચક્કર ફર્યું છે. અને તમે જે શેઠ હતા, તેમાંથી રસ્તાના ભિખારી બન્યા છો. જયારે હું ગરીબ મટી માલેતુજાર તવંગર બન્યો છું. આજે ભેકારીના, ખપ્પરમાં તમે હોમાઇ રહ્યા છો. આપણા બચપણની યાદ કરાવી તમે મદદ માટે મારી તરફ દિનભાવે હાથ લંબાવી રહ્યા છો.

તમારી અવદશા જોઇને મને ભાવીના ભેદ ઉપર હસવું આવે છે. લક્ષ્મીના મદમાં ભાન ભૂલેલો માનવી માનવતાને કોરાણે મૂકીને કેવા શબ્દો ભચડી કાઢે છે. તે માટે યાદ આવે છે એ વખતના તમારા શબ્દો !

આજે તમારા એજ શબ્દો તમને સંભળાવીને પાછા કાઢવાનું મન મને થાય છે. એ દિવસ તમારી જિતનો હતો આજે મારો દિવસ છે. પણ વેરનો બદલો વેરથી લેવામાં સાચી માનવતા નથી. શરણે આવેલા શત્રુને પણ આશ્રય આપવો એજ સાચી માનવતા છે.

અને એટલાં માટેજ આજથી મારૂં ઘર તમારા માટે ખુલ્લું મૂકું છું. જેની જરૂર હોય તે વિના સંકોચે લઈ જજો. અને થોડાક દિવસમાં હું તમને મારી મીલમાં સારી જગ્યા ઉપર નોકરી પણ આપીશ.

શું જોઇ રહ્યા છો ? મારા આવા પ્રકારના વર્તન પ્રત્યે તમને ખૂબજ આશ્ચર્ય થાય છે ? અરે શા માટે ગળગળા થઇને મારા પગ પકડી આંસુ વહાવી રહ્યા છો ? તમને કયાં ખબર છે કે એમાં જ માનવી માત્રની સાચી જિત છે. જીવન સંગ્રામમાં "હાર જિત" તો સદાય આવવાની જ, પણ જિતમાં મદોન્મત્ત બનીને જેઓ માનવતાને કોરાણે મૂકીને પશુતાનું પ્રદર્શન કરે છે, તેઓ ખરેખર માનવજીવનને હારી જાય છે. એટલું હવે કદિયે ન ભૂલશો. બસ જાઓ હવે મારે વધું કાંઇજ કહેવાનું રહ્યું નથી.

---


અલ્પ મૂલ્યમાં............અખૂટ જ્ઞાન

## નવકારપાઠાવલિ-સામાયિક સૂત્ર

જેની રચના તાત્કાલિક સામાજિક, ધાર્મિકજ્ઞાનની ખોટને પુરી પાડવાની છે. ભાષા સરળ, અખૂટ તત્ત્વનાં બીજકો, ગંભીર સિધ્ધાંતો વગેરે તદ્દન સરળ ભાષામાં રજુ કરવામાં આવ્યા છે. ગૂજરાતી પાંચમા ધોરણમાં ભણતો વિદ્યાર્થી એને ભણી શકે છે, અને મોટી ઉંમરનાં સ્ત્રી-પુરૂષો પણ તેને સમજી શકે તેમ છે. એને માટે વિદ્વાનો શું કહે છે.

'અભિનવ નવકાર પાઠાવલી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો તેઓને ધર્મસંબંધિ સારી રીતે સમજણ અને સંસ્કાર પડે માટે સર્વ જૈન પાઠશાળાઓના વિદ્યાર્થીઓને **નવકાર પાઠાવલી** ભણવા લાયક છે.'

પૂ૦ આ. શ્રી કીર્તિસાગરસૂરિજી મ.

**છૂટક કિંમત પોષ્ટ સાથે દશ આના.**

પ્રભાવના કરવા ઇચ્છનારને સેંકડે
સાડા બાર ટકા કમીશન અપાય છે.

આજેજ લખો :—

**પંડિત ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરી વૈદ્ય**
જૈન પાઠશાળા, **દહેગામ** (એ. પી. રેલ્વે)

# કર્મ વિચારણા

ડાકટર વલ્લભદાસ નેણસીભાઈ. મોરબી.

આ જીવ અનાદિ કાળથી, અનાદિથી બંધાયેલા જડ કર્મને વશવર્તી થઇને, તેના પોતાના સ્વાભાવિક ભાવથી ચ્યુત થઇ ચાર ગતિ સંબંધી ઘોર દુઃખોથી વ્યાકુળચિત્તવાળો થઇ, મોહ નિદ્રામાં નિમગ્ન, પાપરૂપી પવનથી કોઇ વખત ઉછાળા મારતો, તો કોઇ વખત ડૂબી જતો આ વિકરાળ અપાર સંસાર-સાગરમાં, વનમાં સિંહથી મૃગલાઓ ભયભીત બની ભાગનાશ કરે તેમ પરિભ્રમણ કરી રહ્યો છે. જ્યાં સુધી આ જીવ નિગોદાદિક ચતુરિંદ્રિય પર્યંત મન સંજ્ઞા રહિત, ભવ સમુદ્રના મધ્ય પ્રવાહમાં, મિથ્યાત્વના તરંગોમાં વ્યગ્ર બની કર્મ ફલ ચેતનાનો અનુભવ કરતો કરતો, સ્વપર ભેદ વિજ્ઞાનની સમજણથી અનેક કોસો દૂર, દુઃખરૂપ પર્વતોથી ઠેબાં ખાતો ખાતો પોતાના મૃત્યુના દિવસો પુરા કરતો ફર્યા કરે છે ત્યાં સુધી એને સ્વપ્નામાં પણ એ ખ્યાલ નથી આવતો કે, હું કોણ છું? મારૂં મૂળ સ્વરૂપ શું છે? આ સંસારમાં શા માટે દુઃખો ભોગવી રહ્યો છું? હું આ દુઃખોથી છુટી શકું એમ છું કે નહિં? અત્યારસુધીમાં આ દુઃખમાંથી કોઇ છુટી શકયું છે કે નહિં? અગર તો આ દુઃખમાંથી છુટવાનો કોઇ માર્ગ બતાવી શકે છે કે કેમ? ઇત્યાદિ વિચાર ઉત્પન્ન થવાના અસંજ્ઞી જીવોમાં કોઇ સાધન નથી દૈવયોગથી સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થા પ્રાપ્ત કરવા છતાં પણ તિર્યંચ અને નરકગતિમાં નિરંતર દુઃખની ઘટનાઓથી વિહ્વલ બનવાને કારણે, અને દેવગતિમાં વિષ સમાન વિષમ વિષયભોગોમાં તલ્લીનતાને કારણે આત્મકલ્યાણની સન્મુખ આવી શકતો નથી.

મનુષ્યભવમાં ઘણા પ્રકારના જીવો દરિદ્રતાના ચકકરમાં પડેલા હોઇ સવારથી સાંજ સુધી પેટની પીડા શમાવવા માટે અન્નદેવતાની ઉપાસનામાંજ ફરયા રહે છે. અને બીજા કેટલાક લક્ષ્મીના લાલ, પોતાની પરિણીત પત્નીથી ઉપેક્ષિત થઇ, ધન લલનાવાળી વેશ્યાઓની સેવા શુશ્રુષામાંજ પોતાના આ અપૂર્વ માનવજીવનની સફળતા સમજે છે. આમ છતા પણ કોઇ કોઈ મહાત્મા આ મનુષ્ય-શરીરથી રત્નમય ધર્મનું આરાધન કરી અવિનાશી લક્ષ્મીનો અપૂર્વ લાભ ઉઠાવી સદાને માટે સિદ્ધશિલામાં બિરાજમાન થઇ અમરપદ પ્રાપ્ત કરે છે. સારાંશ એ છે કે, આ સંસારમાં ભ્રમણ કરતાં કરતાં આ મનુષ્યજન્મ બહુ દુર્લભતાથી મળ્યો છે. એટલા માટે એને વ્યર્થ નહિં ગુમાવી દેતાં, આપણું કર્તવ્ય એ છે કે, આ મનુષ્યભવ સંસારસમુદ્રનો કિનારો છે, જો પ્રયત્ન કરી આ સંસાર-સમુદ્રનો પાર પામવો હોય તો થોડા પરિશ્રમથી આપણે ઈષ્ટફલને પ્રાપ્ત કરી શકીએ એમ છીએ. આવો અપૂર્વ અવસર મળવા છતાં પણ તેના તરફ લક્ષ્ય નહિં આપીયે તો સંભવ છે કે. ફરી આ અગાધ સમુદ્રના મધ્ય પ્રવાહમાં ખેંચાઇને આપણે તેમાંજ સબડયા કરીએ.

સંસારના સમસ્ત પ્રાણીઓ એજ ચાહે છે કે, અમને કોઈ ને કોઈ પ્રકારે સુખની પ્રાપ્તિ થાય અને તે સુખ પ્રાપ્ત કરવાને માટેજ સદા પ્રયત્નવંત રહે છે. કોઇપણ પ્રાણી એવું નથી કે, જે દુઃખને ચાહે. સર્વ પ્રાણીમાત્રની ઇચ્છા સુખ પ્રાપ્ત કરવાનીજ હોય છે; છતાં સર્વને પૂછીએ તો પો-

પોતાના જેવું કોઇ દુઃખી છે જ નહીં એમ કહેશે. એનું મૂળ કારણ એ છે કે, સંસારમાં સુખ છેજ નહીં. સુખ ત્યાં છે કે, જ્યાં દુઃખ અગર આકુળતા નથી. સંસારમાં જ્યાં સુખ મનાયું છે એ બધું આકુળતાથી ઘેરાયેલું છે, સાચું સુખ તો આત્માને કર્મબંધથી છોડાવી સ્વતંત્ર કરવામાં જ છે. કારણ જ્યાં સુધી આ જીવ કર્મબંધનોથી જકડાયેલ છે ત્યાં સુધી પરાધીન છે; અને "પરાધીન સ્વપ્ને સુખ નાહીં" એ કહેવત અનુસાર જ્યાં સુધી પરાધીનતા છોડી આત્માનો અસલી સ્વભાવ સ્વાધીનતા નહિં આવે ત્યાં સુધી સુખ આવેજ ક્યાંથી? એટલા માટે સાચું સુખ મોક્ષમાં છે અને તે જ પ્રાપ્ત કરવાનો ઉપાય પૂર્વાચાર્યોએ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યગ્ ચારિત્ર બતાવેલ છે —ક્રમશઃ


## સારાભાઈ નવાબનું એક અનોખું પ્રકાશન:

સંપાદકઃ અને સંશોધકઃ વિદ્વદ્વર્ય મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજી

# જેસલમેરની ચિત્રસમૃદ્ધિ

છેલ્લા સવા વર્ષની પૂજ્ય શ્રી વિદ્વદ્વર્ય મુનિ મહારાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજની અથાગ મહેનતથી પ્રાપ્ત કરેલ તાડપત્રીય ચિત્રો તથા તેના ઉપરની કાષ્ટપટ્ટિકાઓ પરનો ૨૨ મા તીર્થંકર બાલ-બ્રહ્મચારી નેમીનાથ પ્રભુના આઠ પૂર્વભવો તથા વર્તમાન ભવોનાં તથા પાર્શ્વનાથ પ્રભુનાં જીવનને લગતાં વીશ રંગીન ચિત્રો તથા ચરમતીર્થપતિ પ્રભુશ્રી મહાવીરસ્વામીના જીવનપ્રસંગોનાં ૩૫ રંગીન ચિત્રો આ આલ્બમમાં પહેલીજ વાર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. માત્ર ૩૦૦ જ નકલોમાં મર્યાદિત આલ્બમની નકલો લગભગ ખલાસ થવા આવી છે. ચિત્ર પરિચય પણ વિદ્વદ્વર્ય મુનિ મહારાજ શ્રી **પુણ્યવિજયજી**એ પોતે લખેલો છે.

પ્રાપ્તિસ્થાન:

**સારાભાઈ મણીલાલ નવાબ** છીપામાવજીની પોળ— **અમદાવાદ**

## ધાર્મિક અભ્યાસની ઉત્તમ સગવડતા

**શ્રી વર્ધમાન જૈન તત્ત્વપ્રચારક વિદ્યાલય, શીવગંજ**

* * *

આ સંસ્થામાં દાખલ થવા ઇચ્છનાર ધર્મજિજ્ઞાસુ વિદ્યાર્થીઓને ફ્રી તેમજ ફીથી દાખલ કરવામાં આવે છે. નીચેના સીરનામે પત્રવ્યવહાર કરી વિગત મેળવો !

* * *

સેક્રેટરી:

**શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય:**

પોષ્ટ; એરણપુરા, **શીવગંજ** [રાજસ્થાન]

## સાધર્મીભાઈઓને !

સૌરાષ્ટ્રના વતની, પરંતુ હાલ બહારગામ રહેતા, સાધર્મિક જૈન બંધુને અન્ય સાધર્મિક જૈન બંધુ સાથે, સારા નફાકારક ચાલુ, અગર નવા ધંધામાં, ભારતના ગમે તે વિભાગમાં ભાગીદારીથી જોડાવાની ઇચ્છા છે. રોકાણ રૂા. ૫૦૦૦૦) કરવામાં આવશે.

તમારી સંપૂર્ણ વિગતો અને શરતો સાથે લખો.

C/o **કલ્યાણ માસિક**

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

# સદાચાર એ જીવનની મહામૂલ્ય સંપત્તિ છે.

પૂ. જૈનાચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

## માનવજન્મની મહત્તા

અનંત ઉપકારી જ્ઞાનીઓએ આ સંસારમાં માનવજન્મને એટલો મહત્ત્વનો માન્યો છે, અને એને લઇને આત્માનું સાધ્ય શું હોઈ શકે, તેની ચર્ચા પ્રત્યેક દર્શનશાસ્ત્રે કરી છે.

દર્શનશાસ્ત્રોએ આ માનવજીવનના આદર્શ તરીકે પરમપદ મોક્ષનેજ સ્થાપ્યો છે, અને એ આદર્શોને સિદ્ધ કરવા હોય, તેણે એ માટે યોજેલી યોગની સર્વોચ્ચ કળાએ પહોંચ્યા વિના ચાલે નહિ અને એ સર્વોત્કૃષ્ટ માર્ગ માટે જ્ઞાનીઓએ નિર્દેશેલા પગથીયે ન ચઢાય તો એ પરમપદને પહોંચાય નહિ. એ યોગના પ્રથમ પગથીયે જેની યોગ્યતા હોય તે પહોંચી શકે, એટલે શાસ્ત્રોએ (૧) ગુરૂ–દેવાદિ પૂજન, (૨) સદાચાર અને સદાચારના ઓગણીસ પ્રકાર વર્ણવ્યા છે, તે પાળવા જોઇએ.

## આચારમાં ઉતારો

નાસ્તિક માનવી પણ આ સદાચાર જીવનમાં ઉતારે તો કશી હાની નથી, એટલે ગુરૂદેવાદિ પૂજન અને બીજા ૧૯ સદાચારો જીવનમાં જીવાય તો કશું ખોવાપણું નથી, એથી શાન્તિ ને ઘણા લોકના વિશ્વાસ-પાત્ર બનાય, જે આચારોને જ્ઞાનિઓએ યોગની પૂર્વ-ભૂમિકા તરીકે ઘટાવ્યા છે, તેને આચરનાર ઘણી ઉપાધિમાંથી મુક્ત બની શકે તેમ છે.

## વ્યસનોનો ત્યાગ

પ્રાણ કંઠે આવે તોયે નિંદિત કાર્ય ન કરવું, વ્યસનોનો ત્યાગ કરવો અને એમાં છેલ્લા ગુણો જીવનમાં ઉતારવા, જેવા તે વેશ્યાગમન અને પરસ્ત્રીનો ત્યાગ. યોગની ઇચ્છાવાળામાં આ અવગુણો નજ હોય અને પુન્યથી મેળવેલું જીવન જીવવાની ધગશવાળાને ચોરીની જરૂર ન રહે. સાચુ કહો શાહુકારના વેશમાં ચોરી કરે તો દુનિયામાં કોણ કોનો વિશ્વાસ કરે? આજે તો શાહુકારી ધંધો એવો કે ડાકુગીરી કર્યા વિના ન ચાલે અને પછી એવાઓને આરામ માટે મદિરા જોઇએ. આ દેશના નબીરા આરામ માટે મદિરા પીતા હશે! બહારના પીતા હશે પણ અહિં બેઠેલા છો તે તો નહિજને!

## ધંધામાં જુગાર ઘુસ્યો

જુગાર, ચોરી, મદિરા, માંસાહાર અને શિકાર એ પાંચ તજવા જેવી વસ્તુઓ છે. શિકાર તો મોટે ભાગે ઘણામાં નથી હોતો, પણ: ધંધામાં જુગાર ઘુસ્યો અને એવા ધંધા પણ છે, કે માણસને ચોરી પણ શીખવે. વર્તમાનમાં ધંધો એવો અસંતોષી બન્યો છે કે, ચોરી સ્વાભાવિક બની; અને આરામ માટે મદિરા ઘૂસી. ઠીક સંસ્કારવાળા માંસભક્ષણથી બચ્યા હશે, પણ વાતાવરણ બગડતું જાય છે એટલે તે પણ શીખે તો નવાઇ નહિ.

## અધમ કોટીનું વ્યસન

વેશ્યાગમન અને પરસ્ત્રી એ બે વ્યસનો એવાં અધમ કોટીનાં છે, કે સારા–સારા માનવીઓને તે તરફ દૃષ્ટિ કરવાનું મન થાય. વેશ્યા તે કહેવાય છે, જેને માથે કોઇ નહિં, તદ્દન સ્વછંદી, માત્ર પેટ ખાતર વિષયસેવન કરનારી, જાત ડાહી. માણસ એના પર વિશ્વાસ મૂકે, કે જોવાનું મન થાય, તે આર્યતાને હેઠે પાડનારી વાત ગણાય.

## આવા શહેરમાં ફરવા લાયક ખરા?

છેલ્લે પરસ્ત્રીગમન એ તો શુદ્ધ વ્યવહારને જીવનમાં કલંકરૂપ છે. પોતાની મા, બહેન, સ્ત્રી કે સંબંધી સ્ત્રી પર કોઇ માનવ દૃષ્ટિ કરે તો તે પસંદ કરે ખરો? તો કોઇ સ્ત્રી તમારી મા, બહેન, પત્ની કે સબંધીની સ્ત્રી. એટલે બીજાની મા, બહેન, પત્ની કે સબંધીની સ્ત્રી પર વિકારી નજર નાખનાર આ શહેરમાં ફરવા લાયક ખરો? અને તમને સમજુ માણસને હું કહું કે, તમારે પરસ્ત્રી પ્રત્યે વિકારી નજરે ન જોવું તો તેમાં તમારૂં અપમાન ન કહેવાય? આજે વર્તમાન યુગની ઘણી ટેવોએ સ્થિતિ

અગાડી છે, જો કે હવે આંખો ઉઘડવા માંડી છે પણ હજુ બહુ સારા ગણાતા માણસોની આંખો ઉઘડી નથી.

મહાપુરૂષોએ સ્ત્રી–પુરૂષ માટે મર્યાદાઓ ઘડેલી છે. આ દેશમાં સ્ત્રી–પુરૂષો રહેતા આવ્યા છે અને રહેશે, પણ પરસ્પરના સમ્બંધો અંગેના નિયમનો છે, આ નિયમનો માનવીઓને સદાચારી રાખવા માટે છે. શાસ્ત્રો અને અનંત જ્ઞાનીઓએ વિધાન ઘડયું છે, કે સ્ત્રીથી પુરૂષ, પુરૂષથી સ્ત્રી અલગ રહે. આ દેશમાં સહશિક્ષણ કયારથી ઘુસ્યું ? એનો જે ડાહ્યા પુરૂષોએ પ્રવેશ કરાવેલો તે આ બધા માણસોને સદાચારી કલ્પીને ને ?

## અંતરગત ઈરાદો શું ?

આજે સહશિક્ષણ લેતા છોકરાઓના અંતઃકરણની તો માબાપોને ખબર છે ને ? છોકરા તો બીન-અનુભવી છે, પણ માબાપ માનવી જાતની સ્થિતિ પોતા પરથી–જાત પરથી સમજે ને ? સમજવા છતાં જે મા–બાપોએ આ સ્થિતિ સહન કરી લીધી છે, તેમનો અંતરગત ઇરાદો કયો હોય ? આ ખુલ્લું બોલવા જેવી ચીજ નથી. ઇશારાથી સમજો તો સારૂં ! માનવ-જાત ચારિત્ર્યમાં કેટલી નીચે ઉતરી ગઇ છે, તે શી રીતે કહું ? તમે બધા બહાર ફરનારા, રાતના ૧૨–૧૨ સુધી ઘેર ન આવનારા, આ બધું જાણી શકો ખરા ને ?

પહેલાં વડીલોને પૂછ્યા વિના બહાર ડગ નહોતો દેવાતો. આજે ઉંમરે પહોંચેલો પુત્ર મોડો આવે તો પિતા પૂછી શકે નહિ, પૂછે તો કહેશે, "प्राप्ते तु षोडषे वर्षे पुत्रं मित्रं समाचरेत्" એ તો ભણેલા-ગણેલો, સીનેમા જોનારો એટલે બુદ્ધિમાન ! તમે સિનેમા જોવા બંધ કર્યા કે ? આ જીવનનું ચિત્ર જોવાનું શું ઓછું છે, તે ત્યાં જોવા જાવ છો ! અને એમાં કામ કરનારા બધા જાતવાન હશે કે ! ન હોય તો જોવા કેમ જાઓ છો ? તે રીતે ફરનારી આ જમાત આ પરસ્ત્રી સંબંધની કે પરપુરૂષ સબંધની વાત સમજે તો કલ્યાણ થાય. વીતરાગ ભગવાને તો ધણી–ધણીઆણીને પણ મર્યાદામાં જીવવા કહ્યું છે. તમે આત્માના પ્રેમી કે શરીરના ? શરીર સારી ચીજ છે, એમ માનો છો ? આ ચામડીને ઉખેડી નાખવામાં આવે તો ? આદર્શ પ્રેમની વાત કરનારા શરીરના રૂપરંગના પ્રેમી હોય તો તે આદર્શ પ્રેમી ખરા ? માત્ર અનાચાર ન થાય, એ માટે અને અવસરે વેગને શમાવવા માટે દામ્પત્ય યોગ છે, પણ આજે તો ફોટા રાખીને કહે છે ને ? નાના બાળકોની જવાબદારી તમારે માથે છે અને છોકરા રખડેલ પાકે તો તમારે નીચું જોવાનું થાય, દરેક માણસ બુદ્ધિને સુઝે એમ કરવા જાય તો તેને વારવો પડે.

સહશીક્ષણ અને સીનેમા વગેરેથી તમારી જાતને અને બાળબચ્ચાને બચાવતાં શીખો તો સાતમો ગુણ પરસ્ત્રી અંગેનો તમારા જીવનમાં ઉતારી શકશે. આ સાતમા વ્યસનથી બચેલા કેટલા ભાગ્યશાળી હશે ? કાંઇ નહિ તો ચેનચાળામાંથી કેટલા બચેલા હશે ? સારા કપડાં પહેરી અને ચેનચાળાથી ચાલે એટલે લોક સદાચારી માની લે ખરા ? અને રામાયણમાં રાવણ આવનાર છે, તે તમારા કરતાં પણ ખરાબ હશે એમ માનો છો કે ? રાવણ સીતાને કેવા પ્રસંગ માટે ઉઠાવી લાવ્યો, તે પછી કેવી રીતે જીવ્યો, એ માટે કેટલું દુઃખ થયું, અને એ પોતાના જીવનમાં કાળું કલંક છે, એમ માનતો આજે આ ૭મા અવ-ગુણથી બચનારા વિરલ છે.

સાતમા વ્યસનથી બચવા તમે મા–બ્હેન અને સબંધી સ્ત્રી સાથે જે વર્તાવ રાખો તેવો સઘળી સ્ત્રીઓ સાથે રાખો તો ઘણું કામ થઇ જાય.

## સ્ટેજ પર નાચ

હમણાં–હમણાં છોકરીઓ સ્ટેજ પર નાચવા માંડી છે. અને મા–બાપ તે જોવા જાય છે. અમે આમ કહીએ, એટલે લાગશે કે આ કઇ સદીમાં જીવે છે, પણ અમે તમારી સદીમાંજ જીવીએ છીએ. અગાઉ નૃત્યકળા હતી પણ એ શિક્ષણ પડદામાં અપાતું, એ નૃત્યનો પતિ અને ભગવાન સમક્ષ ઉપ-યોગ થતો, એ જ્યાં ત્યાં આવી ઉભી રહે અને આ બધા સદાચારીના શિરોમણી ખરાને ? એમના હૈયામાં શું થતું હશે, ? પુત્રી હજારો માણસો વચ્ચે

નાચે એ વાત મા-બાપને સારી લાગે કે? અહિં એવા મા-બાપ છે ? હોય તો ઉભા થાય ? હું પુછું કે, એવા કયા સારા ઇરાદે આ કાર્ય કરાવો છો ? અનાર્ય દેશના ઘણા અનાચારો અહિં આવવા લાગ્યા છે, થયું તે થયું, છોકરાઓને સારૂં શિક્ષણ આપો. આ દેશમાં સારા શિક્ષણની ખામી નથી, અનાચારથી બચવું હોય તો મન ઉપર કાબુ મેળવતાં શીખો, સિનેમામાં સંતાનને મોકલવાને બદલે તેને સારૂં ખાવા ને દુધ પીવા આપો, પણ આ તો સાથે લઈને જાય છે. કેટલાક તો માને છે, કે એમ કરતાં છોકરો હુંશીયાર થઇ જાય, પણ એ નક્કી માનો કે મન શિથીલ કોટીનું છે, સંજોગે-સંજોગે બદલાય છે. શાસ્ત્ર કહે છે, કે દીકરી સાથે પણ એકાંત ન કરવું. અંદરનો સેતાન જાગે ત્યારે આ કોણ છે, તે ભુલાઇ જાય છે, અને આંગળી પકડીને ન ચાલો તો પ્રેમ ઓછો થઇ જાય કે ?

## ધર્મનો ભય

રામ વનવાસ ગયા ત્યારે રામ આગળ, સીતા પાછળ અને તે પાછળ લક્ષ્મણ હતા. રામ સાથે ચાલી શકતા હતા પણ તે કાળે એ અનાચાર મનાતો. પાછળ ચાલનારા લક્ષ્મણ નીચી આંખે ચાલતા કે સેતાન કામ ન કરી જાય, પણ તમે તો અભય છો ને! માત્ર ભય ધરમનો કે વળગી ન જાય.

## હક વગરનો પૈસો

આજે પાપીને પાપી કહીએ તો તે સાંભળે ખરો ? વર્તમાનમાં જે પાપ કરવાની વાસના છે, તે ભૂતકાળના પાપનું પરિણામ છે, નહિ તો માનવ જાતને હક વગરનો પૈસો લેવાનું મન થાય ખરૂં ? કોઇ વિશ્વાસ મુકે એનો ભંગ કરવાનું મન થાય ? આવું બધું તમારાથી કોઈહિં થાય છે ખરૂં ? અને પાપના નાશ માટે પ્રાયશ્ચિત પણ કરવાનું મન થાય છે ખરૂં ? મન થતું નથી એટલે તપ નષ્ટ થયું છે. જોકે કયાંક કયાંક છે, પહેલાં ઘરે ઘરે હતા. આજે એમાં ઓટ આવી ગયો છે. પહેલાં અઢળક ખાવાનું હતું, પણ તે ખાવામાં પાપ મનાતું. આજે ખાવા-પીવામાં કેટલા પાપ વધાર્યા ? પેટ નાનકડું છે, પણ એ ન હોય તો કશાની ગરજ ન હોય ખરી ? એટલે જ્ઞાનીઓએ ખાવાને પાપ કહ્યું છે. અનેક તપસ્વીઓએ ખાધું ઓછું, જીવ્યા ઘણું !

## તપ કોને કહેવાય ?

તપનો ગુણ ખાવા પર સંયમ આવે તોજ આવી શકે. રોગ પેટમાં થાય છે, માનવી પેટમાં રોગ ભરે છે, માનવી ખાવામાં અસંયમી બને તે અધમતા છે. જ્યારે તપનો ગુણ હતો ત્યારે આવું આવું ન્હોતું, આજે હોંશીઆર તપસી એવા છે, જે એક દિન ન ખાય અને ત્રણ દિનનું ભેગું ખાય. શરીરને તપાવે એ તપ નહિ, આત્માને લાગેલા કર્મને તપાવે એ તપ. તપનો અર્થ વધતી ઈચ્છાઓનો નિરોધ,

## ૧૨ પ્રકારનાં તપ

છ અભ્યંતર અને છ બાહ્ય એમાં ૧૨ પ્રકારનું તપ છે. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને અંગોપાંગને કાબુમાં રાખવાની ટેવ, એ બાહ્ય તપ છે.

ત્યારે અભ્યંતર તપમાં કરેલ પાપનો એકરાર કરી દંડ માગવાની વૃત્તિ તે પ્રાયશ્ચિત. કોર્ટ કે કચેરીમાં ગુન્હો ન કબુલનારા અમારી પાસે આવી પાપની કબુલાત કરે છે, પણ એ વાત બહાર ન જાય. કોર્ટે જવાનો પ્રસંગ આવે ત્યારે તે કહે છે, કે જાણું છું બધું પણ મરી જાઉં તોયે ન કહું. આ ઉપરાંત બીજું તપ હૈયાની ગુણી પ્રત્યેની નમ્રતા: ઉપરાંત વૈયાવચ્ચ-આશા વિના સેવાવૃત્તિ: તત્ત્વચિંતન-સ્વાધ્યાય, સારી વસ્તુનું ચિંતન-ધ્યાન, અને કાયોત્સર્ગ: આમ ૧૨ પ્રકારના તપથી મન, વચન અને કાયા પર કાબુ આવે છે. આ રીતે સઘળા દર્શનમાં તપનું વિધાન હતું, આજે વિકૃતિએ આપણા આત્માનો નાશ કર્યો છે.

## મોક્ષનો અદ્વેષ

ચોથો ગુણ છે મોક્ષનો અદ્વેષ: મોક્ષનો દ્વેષ કરનાર પણ ઘણા છે. મોક્ષની વાત કરીએ ત્યારે ઘણા પૂછે છે, ત્યાં બાયડી, મોજશોખનાં સાધન, સિનેમા વિગેરે છે કે ! એ નહોય તો મોક્ષે નથી જવું. મોક્ષ શું છે ? એ સાંભળવાની વૃત્તિ હોય એ યોગની ભૂમિકાનો

પહેલો ગુણ છે. મોક્ષની વાતમાં મન, શરીર, ઇન્દ્રિયોને ભૂલવાં જોઇએ. મોક્ષની વાત ત્યારે સંભળાય જ્યારે તેના પર દ્વેષ ન હોય, ત્યારે ગુણ કેળવનાર ઉચ્ચ કોટીનો બને છે. દેવાધિદેવની, સદ્‌ગુરૂની વાત, ધર્મની વાત અને એ બધાના ઉપાસક મહાપુરૂષની વાત તેની આગળ સ્હેલાઇથી કરી શકાય. રામાયણનાં પાત્રો આ બધાના ઉપાસક હતાં.

## શ્રી અર્જુન ભગત

શ્રી અર્જુન ભગત પાંચ મિનિટ બોલવા માંગતા આચાર્યશ્રીએ સમય આપ્યો હતો. શ્રી અર્જુન ભગતે પોતે કરેલા ગૌવધ વિરોધમાં ઉપવાસનું બ્યાન કરી, એ ઉપવાસ છોડાવા, કોંગ્રેસીઓ અને મહાજનોએ ફટકો કર્યો છે, એમ જણાવ્યું હતું, અને આસો માસમાં ફરી ઉપવાસ કરશે એમ જણાવ્યું હતું અને એમાં સાથ આપવા અપીલ કરી હતી.

## આચાર્યશ્રીની સ્પષ્ટતા

આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, આ ધર્મ-સંકટની વાત છે, દરેક જીવતું રક્ષણ એ અમારો ધર્મ છે, એ માર્ગે જીવીએ છીએ અને બની શકે તેમને તે માર્ગે દોરીએ છીએ.

જ્યારે આ દેશના લોકો રાજકર્તા બને ત્યારે લોકો જે જીવદયાને પ્રાધાન્ય માને છે તેની માગણી કરે, અને તેવી વ્યવસ્થા કરાવવા ભાવના જાગે, એ સ્વભાવિક છે. રાજકારણ એ ભયાનક ચીજ છે અને મારા વ્યાખ્યાનમાં એ ન પ્રવેશે, એની કાળજી રાખું છું પણ એનો અર્થ રાજસત્તાનો ભય છે એમ નથી પણ રાજકારણ ખરડાયેલું છે એ માટે, કોઇપણ માનવી તેને ઠીક લાગે તેમ કરે પણ રાજકારણ એવું ચગડોળે ચઢેલું છે, કે આ ભાવના બધા ધરાવતા નથી. મહાજન ગમે તેટલી આપત્તિ આવે તે સહી લેવા જેટલું સબળ નથી, અમે ઉપદેશમાં માનનારા છીએ, એ દ્વારા શક્ય હોય તે કરાવવું. રાજ-સત્તાવાળાઓને સાધુની ગમ નથી, તાલાવેલી નથી, મોટામાં મોટા રાજેન્દ્રબાબુને સમજાવો, એ સમજે તો કહેશે કે, હું બંધારણીય વડો છું, ફક્ત સહી કરનારો, જવાહરને સમજાવો, જવાહર સમજે તો કહેશે, આ કેબીનેટનું રાજ છે. કેબીનેટ પછી પાર્લામેન્ટ, એટલે ધર્મોપદેશ કોને દેવો? છાપાની વાત પણ એવી, એ લોકો કોને મહત્વ આપે એ પણ જાણીએ છીએ. ભુખ વેઠતા અંતિમ ઘડી સુધી સમાધિ રહેવી મુશ્કેલ. રાજ-સત્તા ન માને તો છેવટની ઘડી સુધી મરવા તૈયાર હોય તો ભલે, બાકી આમાં મારી સંમતિ નથી. આજના રાજકારણ માટે સારી ચાલ રાખવામાં માલ નથી એટલે બીજી ગેરસમજ ન થાય તે માટે કહું છું. અમારો ધર્મોપદેશ સિવાય બીજો ઉદ્દેશ નથી. જેમના નામ અપાય છે તેમણે પણ કયું ફેરવી નાખ્યું, એ જાણો છો ને? મુત્સદ્દી એટલે હૃદયે કાંઇ, હોઠે કાંઇ. સહુ સારા કામમાં યોગ્ય સાથ આપજો, પણ અમે આવા ધાંધલમાં હાથ નથી નાંખતા કેમકે એ શક્તિનો સદુપયોગ નથી.

[સંદેશના સૌજન્યથી]


## जिनमंदिरोके उपयोगी

**रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चदर) लगानेवाले.**

**चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चदर आपके यहां आके लकडे पर लगा देते है.**

**ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज शकते है.**

लीखो या मीलो.

**मिस्त्री त्रिजलाल रामनाथ**

**मु. पालीताणा** [सौराष्ट्र]

**ता. क:**—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ शकते है.

# ધન્ય સમર્પણ

શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી.

'રાજન્ આપની આજ્ઞા મુજબ હાજર કર્યા છે.'

'આવવા દો '

સિંહાસન ઉપર બેઠેલો અજયપાળ ગુસ્સામાં બોલ્યો.

'ધર્મલાભ રાજન !'

શ્વેત વસ્ત્રમાં સજ્જ થયેલ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના મહાપ્રતાપી શિષ્ય આશીર્વચન સાથે રાજસભામાં દાખલ થયા અને સર્વે સભાજનોનાં મુખ જાણતાં-અજાણતાં પણ અજયપાળથી વિમુખ બની આવનાર વ્યક્તિ તરફ આકર્ષાયાં અને કોઇ કાંઇ પણ વિચાર કરે તે પહેલાં જ અજયપાળનો ગુસ્સો ઠલવાયો.

'મહારાજ ! મને તમારા ધર્મલાભનું કાંઇજ પ્રયોજન નથી. ભલે મને અધર્મલાભ થાઓ કે જેથી ભવોભવે હું જૈનધર્મનું નિકંદન કાઢી નાંખીને મારા આત્માને શાંતિ પમાડું.'

અજયપાળે વાતની શરૂઆત કરવા માટે પીઠીકા તૈયાર કરી.

'રાજન ! જૈનધર્મનો નાશ કોઈ કરી શક્યું નથી ને કોઇ કરી શકશે પણ નહિ. ભલે આપ સત્તાધીશ હોવાથી એમ માનતા હો કે હું ધારૂં તે કરી શકું તેમ છું, પણ તે વ્યાજબી નથી. શું આપના દેહને આપ ઇંદ્ર જેવો નિરોગી બનાવી શકો છો ? આપના મૃત્યુને આપ રોકી શકો છો ? દરેક મનુષ્યને આપ આપના વિચારના બનાવી શકો છો ?'

'હા, હા, જરૂર કરી શકું છું, ધનથી બને તો ધનથી, નહિતો સત્તાથી તો ખરૂંજ !'

અજયપાળની આંખમાંથી જાણે લોહીની ધારા હમણાંજ વહેશે, એવી જોનારાને ભીતી લાગવા માંડી પણ આચાર્ય તો એજ પરમશાંતિથી ઉભા હતા ને એજ શાંતિથી બોલી રહ્યા હતા.

'ના. ના તમે કાંઈજ કરી શકતા નથી. જો એમ હોત તો તમે આખી પૃથ્વીના ધણી થઈ બેઠા હોત, ખેર ! જવા દયો એ બધી વાત, પણ આપે મને કોઈ દીવસ નહિ ને આજે કેમ બોલાવ્યો છે ?'

સૂરિજીના મુખમાંથી જાણે શાંતિનાં ઝરણાં વહી રહ્યાં હતાં

'જે કામ માટે બોલાવ્યા છે તેજ વાત હું કરી રહ્યો છું,' અજયપાળ સિંહની ગર્જનાથી તાડુક્યો.

'તો ફરમાવો આપને મારૂં શું કામ છે ? મારી પાસે ધર્મ સિવાય કાંઈજ હોતું નથી ને આપને ધર્મ જોઇતો નથી, તો બીજું શું કામ છે ?'

વાતની શરૂઆત ઉપરથી જ આચાર્યશ્રી સમયની ભયંકરતા પામી ગયા છતાં એજ નિર્ભયતાથી બોલી રહ્યા હતા.

'આ વિદ્વાન એવા બાલચંદ્રમુનિને આચાર્ય પદવી આપો !' અજયપાળ આજ્ઞા ફરમાવતાં બોલ્યો,

'રાજન ! એ મુનિ વિદ્વાન છે કે મુર્ખ, આચાર્ય પદવીને યોગ્ય છે કે નહિ, તે નક્કી કરવાનું કામ આપનું નથી, એ કામ તો ગુરૂદેવ શ્રી હેમચંદ્રાચાર્યજીનું હતું ને તેઓશ્રી નક્કી કરી ગયા છે, કે એ બાબતમાં શું કરવું, તેમને આચાર્ય પદવી આપવાની ગુરૂઆજ્ઞા નથી.'

'એ બાબતમાં શું કરવું ને શું ન કરવું, એનો નિર્ણય મારી મરજી મુજબ થવો જોઇએ. હેમચંદ્રાચાર્યે મુર્ખાઇ કરી એટલે શું મારે તે નિભાવી લેવી ?'

'રાજન ? તમે મારૂં અપમાન કરી શકો છો, મારા ગુરૂજીનું નહિ, એમની આજ્ઞા એજ અમારૂં જીવન છે'.

અત્યાર સુધી સમતાના સાગર સમા દેખાતા આચાર્યશ્રી ગુરૂજીના અપમાનને સહન કરવા જરાપણ તૈયાર ન હતા.

'એટલે શું તમે મારી આજ્ઞા માનવા તૈયાર નથી ? '

'ના, બીલકુલ નહિ.' આચાર્ય બોલ્યા.

'પરિણામની ખબર છે ?' અજયપાળ બોલ્યો.

'હા, બરાબર ખબર છે, રાજન, અમે ઘર મુક્યું, સગાં તજ્યાં, ધન અને વૈભવ તજ્યો, સુખ અને સાહ્યબી તજ્યાં, હવે અમારે પરિણામની દરકાર કેમ હોઇ શકે ? હવે બાકી રહ્યું આ નાશવંતુ શરીર તે જો જીવંત હશે તો ધર્મની સાધના કરશે ને નાશ

પામશે તો દેવ અને ગુરૂની આજ્ઞાનું પાલન થશે જે અનેક ભવોના નાશને માટે થશે.'

'આટલું ગુમાન ?' અજયપાળે કરડાકીમાં પ્રશ્ન કર્યો.

'ના, એ ગુમાન નથી, વાસ્તવિકતા છે.' આચાર્યશ્રીએ પરિસ્થિતિ સમજાવી. સત્તાનું ગુમાન અને ગુરૂભક્તિનું યુદ્ધ જામ્યું હતું, સત્વગુણ અને તમોગુણની કસોટી થઇ રહી હતી. સભામાં બેઠેલો બાલચંદ્ર મનમાં મલકી રહ્યો હતો.

'જો તમે બાલચંદ્રને આચાર્ય પદવી આપો તો તમે માગો તે આપવા તૈયાર છું' રાજાએ લાલચનો ટુકડો ફેંકયો.

'આપ જે મને આપવા માગો છો, તે આપને મુબારક હો!' અમારે તો તમારૂં રાજ્ય કે ધન કાંઇ ન ખપે ! અમારે તો દેવ, ગુરૂ અને ધર્મની રક્ષા અને તેમની આજ્ઞાનું પાલન એજ કર્તવ્ય છે. એ કર્તવ્યની વેદી ઉપર ભલે આ દેહનું બલિદાન આપવું પડે તો પણ આનંદ છે.'

બહાદુર સભાજનો મનમાંજ આચાર્યશ્રીને ધન્યવાદ દેતા હતા.

'તો શું તમે મારી આજ્ઞા નહિજ માનો ?' વ્યાજબી વાતને પણ પોતાનું અપમાન સમજનાર અજયપાળે જાણે કાંઇ નિર્ણય કરી લીધો હતો.

'આપના પ્રશ્નનો જવાબ હું આપને પ્રથમજ આપી ગયો છું, કે ધન અથવા સત્તાથી આપ નિર્બળના મનનેજ ફેરવી શકો, અથવા કાયરોનેજ આપ આપની ઇચ્છા મુજબ નચાવી શકો બીજાને નહિ, સમજ્યાને રાજન !'

છેલ્લા શબ્દોચ્ચાર સાથે આચાર્યશ્રીએ બાલચંદ્ર સામે એક વેધક દૃષ્ટિપાત કર્યો, જેના તેજથી ડઘાયેલો બાલચંદ્ર આચાર્યશ્રીની સામે જોઇ રહેવા જેટલી શકિતના અભાવે ખંજવાળવા લાગ્યો ને રાજાને છુપો ઇશારો, સંકેત મુજબ કરી દીધો પણ તેની ચેષ્ટા આચાર્યશ્રીની ચાલાક આંખોથી છૂપી ન રહી શકી.

'આ તમારો છેલ્લો જવાબ છે ?'

'તો તમારે ધગધગતી શીલાને ભેટવું પડશે.' રાજાએ આજ્ઞાની સાથે ભયનું નિરૂપણ કર્યું.

'બસ ! આટલીજ શિક્ષા ? સાંભળો રાજા, મારા છેલ્લા શબ્દો સાંભળી લ્યો !'

'ગૃહસ્થ એવા સુદર્શન શેઠ વ્રતપાલન અર્થે શૂળીએ ચઢયા, વ્રતપાલન અર્થે અણિરક મુનિએ ધગધગતી શીલા ઉપર અનશન કર્યું, નંદીષેણ મુનિએ પ્રહાડ પરથી ઝંપાપાત કર્યો હતો, તો હે રાજન ! ગુરૂઆજ્ઞાને સમર્પિત થયેલા આત્મા માટે આ શિક્ષા કાંઇ નથી.'

સભામાં સનસનાટી અને અરેરાટી ફેલાઈ ગઇ.

આચાર્યશ્રી આગળ બોલ્યા–'હે રાજન ! જ્ઞાનીઓએ આ શરીરની જે દશા થવાની જોઇ હશે. તેજ થશે પણ આ મનુષ્ય દેહને પામીને આત્મા જો દેવ, ગુરૂ અને ધર્મને વફાદાર રહેતો, આવું એક મૃત્યુ અનેક જન્મને ટાળનારૂં બને છે, અને આ દેહ જો નાશ પામવાનોજ છે, તેનો મોહ શા માટે ? સાધુ થવા છતાં પૌદ્દગલિક વસ્તુનો મોહ શા માટે ? જો જીવન સ્થાયી નથી તો આ રાજ્ય, ધન, સત્તા વગેરે શા કામનાં? માટે હે રાજન ! મને આનો ભય નથી.'

'મારે તમારો ઉપદેશ નથી સાંભળવો, એકજ જવાબ જોઇએ છે હા કે ના.'

કાયરો વિચારવા લાગ્યા કે, આચાર્યશ્રી રાજાની આજ્ઞા માને તો ઠીક અને આચાર્યશ્રીનો જવાબ સાંભળવા હજારો કાન સરવા બન્યા.

'રાજન ! મારે ફરી–ફરીને કાંઇજ કહેવાનું નથી. જૈન સાધુઓ સામાન્ય બાબતમાં પણ પરિણામનો, વિચાર કર્યા વિના બોલતા નથી, તો આતો ગુરૂઆજ્ઞા પાલનનો સવાલ છે.'

વિરોધીઓનાં મોં ગોળ ખાવા લાગ્યાં.

'સીપાહી ! લઇ જાઓ, આને ધગધગતી લોખંડની પાટ ઉપર સુવાડી દયો. ધ્યાન રાખજો નાસી ન જાય, નહિ તો એ આસન તમારા માટે થશે' અજયપાળે મોતની શિક્ષા ફરમાવી દીધી.

'ગુરૂ આજ્ઞાના પાલન માટે સાચો સાધુ પ્રાણ આપે. એને ભાગવાનું હોયજ નહિ. યુદ્ધના મેદાન ઉપરથી કાયરજ ભાગે, ક્ષત્રિય નહિ. રાજન ! હું મારા હાથેજ તારી એ પાટ ઉપર સુઈ જાઉં છું'

સભામાં રાજા પ્રત્યે ધિક્કારની એક છૂપી લાગણી પ્રસરી ગઇ.

રાજદ્વારની બહારના મેદાનમાં પ્રેક્ષકો ચીકાર ભરાઈ ગયાં હતાં. એકએક માનવીનું હૈયું વલોવાઇ રહ્યું હતું. ઘણાને એમ પણ થતું કે, રાજા છેવટે પણ તેમનો નિર્ણય ફેરવશે, ઘણા એમ પણ વિચારતા કે અજયપાળ જેવો નીચ માનવી ધાર્યું જ કરશે, તો કોઇવળી આ પ્રસંગ ઉપસ્થિત થવાના કારણ રૂપ બાલચંદ્રને દોષિત ગણતું. આમ અનેક વિકલ્પો જન સમુદાયના મનમાં પ્રવર્તી રહ્યા હતા. ત્યાં તો આચાર્યશ્રી જાણે મૃત્યુને પડકાર કરતા હોય એમ ધીમા પગલે ધગધગતી લોખંડની પાટ પાસે આવ્યા ને ઇર્યાવહી કરી સર્વે જીવોને મિચ્છામિ દુક્કડં આપી ઉચ્ચ છતાં માધુર્યભર્યા સ્વરે **નમો અરિહંતાણં** શબ્દના ઉચ્ચાર સાથે મુખ ઉપરની એજ પ્રસન્નતાને સાથે લઇને ધગધગતી શીલા ઉપર સુઇ ગયા. દેહની રાખ થઇ ગઇ. આત્માનું સુવર્ણ બની ગયું, નગરજનોને પારાવર દુઃખ થયું, ત્યારે અજયપાળ બાલચંદ્ર અને બીજા તેજોદ્વેષીઓને આજનો દિવસ સોનાનો સુરજ ઉગ્યો. ધન્ય સમર્પણ! ખરેખર શ્રી રામચંદ્રસૂરિ મૃત્યુને જીતી ગયા હતા.

❋

# ❋ પ્રસિધ્ધિનો મોહ ❋

**શ્રી કા. મો. ત્રિવેદી.**

દરેક મનુષ્યને પોતાનું નામ જનસમાજમાં પ્રસિદ્ધિને પામે, એ ઇષ્ટ હોય છે, એથી ઇષ્ટસાધ્ય માટે મનુષ્ય અનેકવિધ પ્રયત્નો કરે છે, એવા ઘણા પ્રયત્નોમાં લેખક અને વકતા બનવાનો પ્રયાસ એ તદ્દન સહેલો છે, એથી મનુષ્યોનો મોટોભાગ તે તરફ વધારે આકર્ષાય છે. કારણ કે એ પ્રયત્ન વગર પૈસે ને વગર મહેનતે, જેની કોડીની કિંમત પણ ન હોય તેવો હાલીમવાલી માણુસ પણ કરી શકે છે.

કેટલાક અઠવાડિકોમાં પ્રસિધ્ધ થતી સવાલ–જવાબની કટારો વાંચો, તેમાં રસવિહોણાં, સામાન્ય બુધ્ધિથી સમજાય તેવા, ગલીચ, અને અમુક એકટર-એકટ્રેસ કયાં રહે છે, પરણેલ છે કે કુંવારા, તેમને બચ્ચાં કેટલાં આદિ ચૂંથણાં ચૂંથતા જે પ્રશ્નો પૂછવામાં આવે છે, તે એટલી હલકી કોટિના હોય છે કે, એ પ્રશ્નકારનું માનસ એમાં પ્રતિબિંબીત થાય છે. એવીજ રીતે કેટલાય લેખકો અને વકતાઓ પોતાના લખવા કે બોલવાની સમાજ ઉપર શી અસર પડશે, તેનો વિચાર કર્યા બિના દેવ, ગુરૂ, ધર્મની નિંદા કરે છે, અને પાપસ્થાનકોના પોષણરૂપ પ્રવૃત્તિ કરે છે.

આજે તો સ્વતંત્રતાનો યુગ છે, તેથી દરેકનો લખવા–બોલવાનો હક્ક સ્વીકારવામાં આવે છે, પણ એ હક્કનો ઉપયોગ કરતાં પહેલાં વિચારવું જોઇએ. હંસ–મયુર અને મુન્શીની મંજરી જેવી સ્થિતિ ઉત્પન્ન કરનાર પાસે શું બીજા વિષયો ન હોતા ? એવી જ રીતે જાત અનુભવથી ઘડાયેલા સિદ્ધાંતોનો પ્રચાર થાય એમાં વાંધો નથી. વાંધો માત્ર એટલોજ છે, કે હાથ મળ્યો છે ને લખવાની શકિત છે, માટે લખો અને જીભ મળી છે તો બોલવા માંડો, એ રીતનો જે નાદ ચાલી રહ્યો છે, તેની સ્હામે છે.

લખો કે બોલો પણ તે એવું કે જેનાથી વિનય વધે, સદ્દગુણો વધે. જીવન સ્વચ્છ અને નિર્મળ બને અને સત્યપક્ષનું સમર્થન થાય. હેતુ સિવાય લખવું એટલે મોંઘા ભાવના કાગળ અને શાહીનો દુરૂપયોગ, અને બોલવું એટલે વાણીનો દુરૂપયોગ. બીજા અર્થમાં કહીએ તો તે થુંક ઉડાડવાનો પ્રયાસ છે.

જૈન ધર્મનું અજોડ માસિક કલ્યાણ
લવાજમ રૂા. ૫-૦-૦

## પરપોટા

કા. મો. ત્રિવેદી

ચુનોની લોખી ઘોડા બજાર જેવી થઇ ગઇ છે, જ્યાં રાજ્યો મત મેળવવા પડાપડી કરે છે—આફ્રીકાના પ્રધાન ડૉ. મલાન

અને આફ્રીકાની લોખી ગર્દભ બજાર જેવી થઇ ગઇ છે, કે જ્યાં હિંદીઓને હાંકી કાઢવા માટે પાછલા પગનો ઉપયોગ થઈ રહ્યો છે.

× × ×

વધુ મત્સ્ય પકડોના પ્રચાર માટે ૨૨ા લાખ રૂ. ની ગ્રાન્ટ અપાઇ છે.—મુન્સી

માછીમારો સાથે મુન્શીજીને વળી કયારથી સબંધ જોડાયો.

× × ×

મહિલા પરીષદે અપીલ કરી છે, કે સ્ત્રીઓ સરકારને સાથ આપે. [સમાચાર]

એ પરીષદના પ્રમુખપદે શ્રીમતી લીલાવતી મુન્શી તો નથી ને ?

× × ×

ઉત્તર પ્રદેશની સરકાર જંગલી પશુઓની રક્ષા કરી રહી છે. [સમાચાર]

કંઇ ઉપકાર બુદ્ધિતો નહિજ હોય. સંભવ છે કે, યુદ્ધ ફાટી નીકળે તો સૈનિક તરીકે તેમની સેવા ઉછીની લેવાનો ઇરાદો હોય.

× × ×

લોકશાહી મોરચો બંધ કરાશે નહિ—કૃપલાણી

બંધ કરવાની જરૂર પણ શી છે. ખુરશીના શોખીનો અને નેતા બનવાના ઉમેદવારો ઘણા મળી આવશે.

× × ×

આણંદમાં ફાતડાએ કરેલી લુંટ —[સમાચાર]

એ ફાતડો અમેરીકન તાલીમ પામેલો અને કોરીયાના મોરચે વીરતા બતાવીને પાછો ફરેલો માજી સેનાપતિ હોવો જોઇએ.

× × ×

નકકી થયેલું અનાજ મળે તો પણ ભાગ્યશાળી મનાશે—મુન્શી

અનાજ નહિ મળેતો કંઇ નહિ "વધુ વૃક્ષ વાવો" ની જુંબેશના પરિણામે બળવા માટે પુરતાં લાકડાં તો મળશે ને ?

+ × ×

કાશ્મીર પાકીસ્તાનને જોઇએ.—વડા મુફતી

એ વકીલાતના બદલામાં આપને હિન્દુસ્તાન મલવું જોઈએ, એમજ ને ?

× × ×

પાર્લામેન્ટમાં પ્રો. રંગા અને નહેરૂ વચ્ચે ટપાટપી —સમાચાર

વધુમાં વધુ "કાંઇ નહિ" કરી શકે તો ઓછામાં ઓછું ટપાટપી તો કરવીજ જોઇએ ને ?

× × ×

૧૬ કરોડના ખારતની આયાતમાં ૧ કરોડનું નુકશાન [સમાચાર]

ખાતર ઉપર દીવેલ આનું નામ.


**પચ્ચક્ખાણના કોઠાઓ**

**પ્રભાવના માટે મંગાવો !**

**૧૦૦ના રૂા. ૬—૪—૦.**

દરેક પચ્ચક્ખાણો તેમજ સમયનો કોઠો.

**સોમચંદ ડી. શાહ, પાલીતાણા.**

**જૈન બોર્ડીંગ, લાયબ્રેરી, શાળાઓ માટે**

**જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર**

કિ. ૦—૧૨—૦

લખો:—**સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

# શંકા અને સમાધાન

**સમાધાનકારઃ-પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

**પ્રશ્નકારઃ-શા.છનાલાલ રતનચંદ, પીંપળગામ [બસવંત]**

**શં૦** દેરાસરની વસ્તુ વાપરીને પાછી મૂકી દે તો દોષ લાગે ખરો ?

**સ૦** જરૂર, દોષ લાગે.

**શં૦** સાંજે દેરાસર મંગલિક કર્યા પછી ઉઘાડી શકાય ?

**સ૦** કારણવશાત્ ઉઘાડી શકાય.

**શં૦** પૂજા કરતી વખતે પહેલાં બાજુના ભગવાનની પૂજા કરીએ અને પછી મૂલનાયકની પૂજા કરીએ તો ચાલે ખરી ?

**સ૦** વસ્તુતઃ પહેલાં મૂલનાયકનીજ પૂજા કરવી જોઈએ પ્રક્ષાલન, પૂજા આદિના ચઢાવા-બોલીઓ બોલાવવાની હોય, પૂજા થવાને વાર હોય અને કારણવશાત બહાર જવાનું હોયતો બાજુનાં જિનબિંબોની પૂજા કરી લેવામાં વાંધો નથી.

**શં૦** દેરાસરમાં ભગવાન આગળ સાથીઓ કર્યા પહેલાં ઇરિયાવહીઆ કરવા કે પછી કરવા ?

**સ૦** સાથીઓ કર્યા બાદ ઇરિયાવહીઆ કરવી જોઈએ.

**શં૦** સ્થાનકવાસીના સાધુ લાઇટમાં જાહેર વ્યાખ્યાન આપે છે, તો લાઇટ ચાલે ?

**સ૦** પ્રભુ મહાવીરનો કોઇ પણ ત્યાગી સાધુ લાઈટનો ઉપયોગ કરી શકે નહિ, કદાચ અચાનક લાઇટનું પ્રકાશ આવે તો કામલી ઓઢવાનું વિધાન છે તેમજ કાઉસગ્ગમાં હોઈએ અને તે વખતે પણ લાઇટનો પ્રકાશ શરીર પર પડે તો કાઉસગ્ગ છોડીને પણ કામલીનો ઉપયોગ કરે અને આગલથી કાઉસ્સગ ચાલુ કરે, મતલબ કાઉસગ્ગ ભાંગે નહિ. આટલી બધી લાઈટના પ્રકાશથી સાધુઓએ પોતાના સંયમની રક્ષા કરવાની છે, પછી પોતાના શરીર ઉપર લાઇટ પડતી હોય તેવી રીતે લાઇટમાં બેસીને કે ઉભા રહીને વ્યાખ્યાન આદિ કરવાનું હોયજ કયાંથી ?

**શં૦** નદીએ સ્નાન કરીને પછી ભગવાનની પૂજા કરીએ તો તે સ્નાન ચાલે ખરૂં ?

**સ૦** પાણીને ગાળી, વિધિ સહિત વાપરી શુદ્ધ કપડાં પહેર્યાં હોય અને જિનાલયના મૂળ દરવાજા પાસે પગની શુદ્ધિ કર્યા બાદ જિનપૂજા કરવામાં બાધ નથી.

**શં૦** પ્રતિક્રમણમાં પાંચ ગાથાનું સ્તવન બોલાય તેનું કારણ શું ?

**સ૦** સ્તવન ભાવભક્તિની વૃદ્ધિમાટે બોલવાનું છે. એટલે જેટલું લાંબુ હોય તેટલું સારૂં, છતાંય કદાચ એટલું લાંબુ ન હોય તો કમથી કમ પાંચ ગાથા તો હોવી જોઇએ, કારણ કે સ્તવન એ ભાવપૂજા છે, અને તે ભાવપૂજાથી પાંચ મહાવ્રતોની પ્રાપ્તિ ઇષ્ટ હોવાથી પાંચ મહાવ્રતની દ્યોતક ઓછામાં ઓછી પાંચ ગાથા હોવી જોઇએ, આવા કારણસર પાંચ ગાથાની મર્યાદા ચાલી આવતી હોયતો તેમ બનવા સંભવ છે. અને ચાલુ મર્યાદાનો લોપ કરવો નહિ, આ મર્યાદા પ્રતિક્રમણ આશ્રિત છે.

**શં૦** સકલતીર્થના સૂત્રમાં વંદું છે અને બોલાય છે વંદુ તો ખરૂં કયું ?

**સ૦** વંદુ શબ્દ જે બોલાય છે તે બરાબર છે. દું ઉપરના અનુસ્વારની જરૂર નથી.

**શં૦** શાન્તિ કહ્યા પછી ચૈત્યવંદન કરીને સામાયિક પારે છે, તો તેનું કારણ શું ?

**સ૦** પ્રતિક્રમણ કરી હર્ષ ઉત્પન્ન થયો અને તેના કથનકાર પ્રભુ ઉપર અતિ પ્રેમ ઉત્પન્ન થયો, તે હર્ષ અને પ્રેમનું દ્યોતક ચૈત્યવંદન કરી સામાયિક પારવામાં પૂર્વ મહાપુરૂષોએ મહાન લાભ જોઇ એવી વિધિ કાયમ કરી છે અને એ વિધિ મુજબ કરવાથી આપણું શ્રેય છે.

શં૦ સાંજના પ્રતિક્રમણુ બાદ સામાયિક પારતાં ચઉક્કસાય ચૈત્યવંદન કેમ બોલાય છે? શું બીજું ચૈત્યવંદન ન ચાલે?

સ૦ આચરિત હોવાથી ચઉક્કસાય ચૈત્યવંદન જ બોલવું.

શં૦ મંગલદીવો કે આરતી બે જણથી ઉતારી શકાય કે કેમ?

સ૦ ખુશીથી.

શં૦ પજુસણુ થયા પછી વ્યાખ્યાન બે-ત્રણ દિવસ બંધ રહે છે, તેનું કારણ શું?

સ૦ થાક ઉતારવો એજ કારણુ અને વ્યાખ્યાન કરી પણ શકે.

શં૦ પ્રતિક્રમણમાં બે વાંદણાં સાથે આવે છે અને બીજા વાંદણામાં **આવસ્સિઆએ** પાઠ ન કહેવો તેનું કારણ શું?

સ૦ બહિર્નિગમન માટે **આવસ્સિઆએ** કહેવામાં આવે છે. જ્યારે બીજી વખતના વાંદણામાં બહાર નીકળવાનું નથી, આ વાત ભાષ્યથી જાણી લેવી.

શં૦ ભગવાનને ટીકાઓ હોય છે, તેનું કારણ શું?

સ૦ ન જાણુતી વ્યક્તિ નવ અંગ ઓળખી શકે એ માટે હશે? તેમજ ત્યાં ઘસાએ, ન પહોંચે ઈત્યાદિ કારણે આ રૂઢી પ્રચલિત થઇ હોય એમ સંભવે છે.

શં૦ સાંજે દેરાસરમાંથી નિકળ્યા પછી દેરાસરના ઓટલા ઉપર લોકો બેસે છે, તેનું શું કારણુ?

સ૦ જિનબિંબોના દર્શન આદિ કરી જિનાલયના ઓટલા ઉપર બેસવાની કોઇ વિધિ નથી. વિષ્ણુ આદિમાં એવો રિવાજ ચાલતો હોઇ એનું અનુકરણ થઇ ગયું હોય એમ લાગે છે.

શં૦ આપણે કોઇ ખરાબ ઠેકાણે ગયા છીએ અને ખરાબ વિચારો આવે છે, તો સારા વિચારો લાવવા માટે શું કરવું?

સ૦ ખરાબ સ્થાનનો પરિત્યાગ કરી, શુભભાવવર્ધક સ્થાનનો આશ્રય લેવો.

શં૦ દહેરાસરમાં પુરૂષોએ જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઉભા રહેવું, તો કોની? આપણી કે ભગવાનની?

સ૦ જિનેશ્વરદેવની.

શં૦ એક માણસ મરતાં-મરતાં પોતાના છોકરાંને કહે કે, આટલા રૂપીઆ ધર્મમાર્ગમાં ખરચજે, તો તે ખર્ચે તો તેનું પુન્ય કોને થાય?

સ૦ મરનાર કહી ગયો હોય તો તેને અને ભાવથી ખર્ચીને અનુમોદન કરનાર પુત્રને પણ પુણ્ય થાય.

શં૦ ઉપધાન કરવાનો હેતુ શો? અને ન કરીએ તો ચાલે કે કેમ!

સ૦ વિધિવિધાન સહિત સૂત્રોની આરાધના, એ ઉપધાન કરવાનો હેતુ છે અને ઉપધાન તપ કરવાની શકિત હોય ને ન કરે તો વિરાધક થાય છે.

શં૦ મહાવીર ભગવાનના સસરા અને સાસુનું નામ શું હતું?

સ૦ પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના સસરાનું નામ સમરવીર હતું, તેઓશ્રીના સાસુનું નામ વાંચવામાં આવ્યું નથી.

શં૦ જૈનો લગ્નની વિધિ બ્રાહ્મણો પાસે કરાવે છે, તો તે શું જૈન ગ્રંથોમાં નથી?

સ૦ જૈન લગ્નવિધિ આચારદિનકર નામના ગ્રંથમાં છે અને કેટલાક સ્થાને તે વિધિથી લગ્નો થાય છે.

શં૦ આભવમાં કરેલું પાપ ક્યારે ઉદયમાં આવે?

સ૦ કર્મોનો અબાધાકાલ પૂર્ણ થએ.

શં૦ માણસ પાપ સમજ્યા પછી પણ પાપ કરે તો એ કયું કર્મ?

સ૦ ઇરાદા પૂર્વકનું.

**યોજના નં. ૪ નો ઉકેલ આ અંકમાં રજુ થાય છે.**




**પ્યા**રા દોસ્તો ! હમણાં તો નિશાળો, સ્કુલો તથા હાઇસ્કુલોમાં તમારે રજાઓ ચાલુ હશે કેમ ખરૂંને ? વારૂ મિત્રો ! રજાઓના દિવસોમાં શું કરશો, એ કહો તો ખરા ? જુઓ, આવા દિવસોમાં બહુ રખડવું નહિ, જ્યાં ત્યાં જેની તેની સોબતમાં ફરવું નહિ, સ્કુલોમાં જે ભણ્યા હો તેનું પુનરાવર્તન ચાલુ રાખવું, ધાર્મિક પાઠશાળાઓમાં નિયમિત હાજરી આપવી, અવસરે ઘરના કામકાજ કરવામાં શરમાવું નહિ, જે મા-બાપો આટ-આટલા કષ્ટપૂર્વક તમને ઉછેરે છે, તેમને દરેક રીતે તમે ઉપયોગી ને આશ્વાસનરૂપ ન થાઓ તો તમારાં જીવનનો કાંઇ અર્થ નથી.

**વ્હાલા** બાળકો ! શાશ્વતી ઓળીના પવિત્ર દિવસો, દિવાળીનો ઉત્સવ તથા જ્ઞાનપંચમીનું મહાપર્વ આ બધાયે મહાન પ્રસંગો આપણી વચ્ચેથી પસાર થઇ ગયા છે, ઓળીના દિવસોમાં તમારામાંથી ઘણાએ છેવટે એક આયંબીલ તો કર્યું હશે ? જે વેળા દેશના મ્હોટા ભાગની પ્રજા દુષ્કાળ, ભૂખમરો તથા જીવનનિર્વાહનાં સાધનોમાં મુશીબતો વેઠતી હોય તે વેળા આપણે દરરોજ ચાર-ચાર વખત ઝાપટવાનું ન હોય, આયંબીલની તપશ્ચર્યાથી અનેક લાભો છે. અનાજનો બચાવ થાય છે, શરીરના રોગો ચાલ્યા જાય છે. અને આત્મા નિર્મળ બને છે, તદુપરાંત આપણા પર્વ દિવસોની ઉજવણી થાય છે.

**ખુદાઈ** ખીદમતગારો ! દીવાળીના દિવસોમાં જેમ બીજાઓ આંખો વીંચીને ફટાકડાઓ, દારૂખાનું આદિ ફોડીને પૈસાનો ધૂમાડો કરે છે, તે આપણને ન છાજે. હિંદુસ્તાન જેવા હમણાંજ સ્વતંત્ર થયેલા ઉગતા દેશને આ રીતે કરોડોનો ધૂમાડો કરવો કેમ પોષાય ? ચરમતીર્થંકરદેવ શ્રી મહાવીરદેવનું નિર્વાણ કલ્યાણક આસો વદી અમાસના થયું છે, આ પ્રસંગે આપણે તો એ મહાન પિતાના પુત્રને છાજતી રીતે વર્તવું જોઇએ. ખાવા-પીવામાં સંયમી બનવું જોઇએ. પહેરવા-ઓઢવામાં સાદાઇ રાખવી જોઇએ, અને પૈસાનો ખોટો દુર્વ્યય નહિ કરવો જોઇએ, ધ્યાનમાં રાખવું જોઇએ કે, આજે આપણા દેશમાં ગરીબાઇ ચોમેર છે, વિલાસ વૈભવો કે આંખ-કાનના નશામાં નાણાંનો દુર્વ્યય કરવો, આપણને ન પાલવે; ઉપરાંત ફટાકડા ફોડવામાં જીવહિંસાનો પાર નથી, કોઇ વખતે દાઝી જવાય તો ભયંકર પરિણામ આવતાં વાર ન લાગે !

**મા**રા મિત્રો ! આ વિભાગ માટે તમારા તરફથી સંખ્યાબંધ લેખો થોકડે-થોકડા આવ્યા કરે છે. આ બધા લેખોને એકી સાથે સ્થાન આપવાનું અમારાથી ન બની શકે એ દેખીતું છે, એટલે ધીરે ધીરે એકેક પછી એકેક લેખને ઉપયોગી દેખાશે, તે રીતે સ્થાન મળશે, આ માટે કોઇએ ઉતાવળા નહિ થવું. અમારા પર શ્રદ્ધા રાખવી, તમારી શક્તિને પ્રોત્સાહન આપવાનાજ સદાશયથી આ કાર્ય અમે આરંભ્યું છે, એટલે સાધનોની મર્યાદાના કારણે સંયોગવશાત્ સારા પણ લેખોને પ્રગટ કરતાં વિલંબ જાય, એથી તમારે મૂઝાવું નહિ.

**પ્યા**રા બાલ બંધુઓ ! અમે ગતાંકમાં સૂચવ્યું હતું તે રીતે પત્ર મિત્ર વિભાગ

માટે અમારી પાસે નામો આવતાં રહ્યાં છે, જેમ જેમ નામો આવતાં રહેશે તેમ તેમ 'પત્ર-મિત્ર મંડળ'ના નામથી અમે આ વિભાગમાં એને પ્રસિદ્ધ કરીશું, તો તમે પણ તમારૂં નામ, અભ્યાસ, વય, શોખ ઈત્યાદિ જણાવી, દેશભરના તમારા મિત્રોની સાથે સંપર્ક સાધવા પ્રયત્ન કરો! વ્હાલા દોસ્તો! હવે ફરીથી આપણે મળીશું! જયવીર!

❁

લખવાનું કે, ભાઈ હિમચંદ વહોરા, તમારા બધાં લખાણો મલ્યાં છે, અવકાશે પ્રગટ થતાં રહેશે. શ્રી એન. બી. શાહ, બાલજગત માટેનો લેખ અવસરે પ્રગટ થશે. ભંવરલાલ શ્રીમાલ-તમારા લેખોને સુધારીને પ્રગટ કરાશે. રમેશચંદ્ર ઝવેરી-તમારા લખાણો મલ્યા છે, પ્રસિધ્ધ કરીશું. દોશી તરૂણકુમાર તથા દોશી બાબુભાઈ! તમારા લેખો પ્રગટ કરવા મોકલ્યા છે, આ અંકમાં બધા નહિ આવે તો આગામી અંકમાં આવશે શ્રી સુરવીરચંદ ઝવેરી! સુભાષીતો આદિ મલ્યું છે, પ્રગટ કરીશું. દોશી જયંતિલાલ મણીલાલ! તમારૂં લખાણ બરાબર નહિ હોવાથી બીજું લખી મોકલો! ભાઇ નેમિદાસ અ. તમારો લેખ આ અંકે પ્રગટ થઇ જશે

❁

## હસતાં મુખડાં

**શિક્ષક:** તને જે ઇતિહાસના પ્રશ્નો લખાવ્યા હતા અને તેના તેં ખોટા જવાબો આપ્યા હતા. અને મેં તને તે વીસ વાર લખી લાવવાનું કહ્યું હતું, કારણકે તું ઇતિહાસમાં બહુ કાચો છે. પરંતુ તેં તો તે દસ વાર જ લખ્યા છે.

**વિદ્યાર્થી:** સાહેબ, હું ગણિતમાં પણ કાચો છું

* * *

**મિત્ર:** (તેના મિત્રને) અરે ચીનુ, શું વાત કરૂં? આજે તો પેલાએ મારા વાળ સાવ બગાડી નાંખ્યા હજામત બરાબર ન કરી........

**ચીનુ:** હશે સાવ હજામ જેવો!

* * *

**શિક્ષક:** એ ય વિક્રમ, તને કાલે ઘોડાપર નિબંધ લખી લાવવાનું કહ્યું હતું ને? કેમ નથી લખી લાવ્યો?

**વિક્રમ:** પણ સાહેબ કેમ લખું? જ્યાં ઘોડાને ઉભો રાખી ઉપર કાગળ રાખુંને લખવા જાઉં કે ઘોડો ભાગી જાય છે, માટે માફ કરજો.

* * *

**મુનિમ:** (કોલસાવાળાને) આજથી કોલસા નથી લાવવાનાં સમજ્યો?

**કોલસાવાળો:** કેમ!

**મુનિમ:** (બેપરવાઇથી) તે કાળા આવે છે.

તેથી. શ્રી રમેશચંદ્ર જે. ઝવેરી.

* * *

## આટલું યાદ રાખવું

* પૃથ્વી ગોળ દડા જેવી નથી, પણ થાળી જેવી ગોળ છે.
* પૃથ્વી ફરતી નથી પણ સૂર્ય ફરે છે.
* જૈનધર્મનો પ્રારંભ શ્રી મહાવીરદેવથી નહિ, પણ અનાદિથી થયેલો છે.
* તીડ, રોઝ, વાનર, આદિને મારવાથી દેશ આબાદ નહિ બને. હિંસાથી સુખ નથી પણ દુ:ખ છે.
* યૂરોપની દુનિયા આગળ નથી વધતી પણ પાછળ પડે છે.
* કેવળ ઉદ્યમથી કાર્યસિધ્ધિ થતી નથી, પણ ભાગ્યથી કાર્યસિદ્ધિ થાય છે.
* હિંદની આઝાદિ સંપૂર્ણ નથી પણ અનેક રીતે અપૂર્ણ છે,
* કાયદાથી માણસ જાત ન સુધારે પણ સારા સંસ્કાર કે સારા શિક્ષણથી સુધારે
* સીનેમામાંથી કાંઈ સારૂં શીખવાને મલતું નથી પણ નબળું ઘણું ઘણું ત્યાંથી શીખાય છે.

શ્રી ભંવરલાલ શ્રીમાલ

## આતો જીભલડીનો રસ ટપકે છે!

અણબનાવમાં કારણરૂપ દોષ મોટા ભાગે જીભ છે. એ બગડે તો બધુંય બગડે, એ સુધરે તો બધું સુધરે, એ માટે નીચેનું દૃષ્ટાન્ત છે.

એક ભિખારી હતો. ભીખમાં મળેલા ચોખા-દાળ તેણે ભેગા કર્યા, પણ બનાવવાનું સાધન તેની પાસે ન હતું. તેથી તે એક ડોશીને ત્યાં પહોંચ્યો અને ખીચડી રાંધી આપવા કાકલુદી કરી. ડોશી દયાળુ તથા પરગજુ હોવાથી તેણે રાંધવાની હા પાડી. તેણે ચોખા-દાળ લીધા ને રાંધવા ચૂલે મૂક્યા તે વખતે ભિખારી આમ તેમ જુએ છે. તેની નજર વરંડા પર ગઇ. વરંડામાં ભેંસ હતી ને વરંડાનું બારણું નીચું હતું એટલે એણે ડોશીને પૂછ્યું કે, ભેંસ કેવી રીતે બહાર નીકળે છે? ડોશીને એમ થયું, કે આને વળી શી પંચાત, છતાં તે ડોશીએ ઉત્તર આપ્યો, કે તે વાંકી વળીને નીકળી જાય છે, પેલા મૂર્ખ તથા વાચાળ ભિખારીએ ફરી પૂછ્યું, 'પણ ડોશીમા ભેંસ અંદર મરી જાય તો શી રીતે નિકળે?' ડોશીને હવે લાગ્યું! કકડી ઉઠીને બોલી રહ્યા, હું તને ખીચડી રાંધી આપું છું ને તું અપમંગળ શબ્દો શા માટે લાવે છે. થોડીવાર ભિખારી ચૂપ રહ્યો પણ પોતાના અપલક્ષણ જાય? પડી ટેવ કેમ ટળે? પાછો ચઢ્યો લવારે, એક સૂતેલા છોકરા પર નજર નાંખતાં પૂછ્યું, ડોશીમા! આ કોનો છોકરો છે?

ડોશીમા બોલ્યા, ભાઇ! એતો મારા છોકરાનો દીકરો છે. ત્યારે ભીખારીએ પૂછ્યું, તમારો દીકરો ક્યાં છે? ડોશી બોલી એ તો દેશાવર ગયેલ છે.

ભિખારીએ પંચાત લંબાવી કહ્યું, તેનો કાગળ આવે છે કે નહિ?

ડોશી બોલી, આમતો પંદર-પંદર દિવસે આવે છે પણ હાલ બે-ત્રણ માસથી પત્ર નથી, સમાચાર કે સંદેશ કાંઇ નથી.

પેલો ગાંડીયો ભિખારી તરત બોલી ઉઠ્યો ને કહ્યું, 'મરી ગયો હશે તો શી ખબર?'

ડોશી ખીજાઈ ગઇ તરત તેણે ખીચડી જે તપેલીમાં ચૂલા ઉપર હતી, તે તેની સ્હામે ફેંકીને પેલા ભિખારીને ઘરમાંથી કાઢી મૂક્યો, તે વીલે મોઢે લુગડામાં ખીચડી લઇ ચાલ્યો, તેને જોઇ લોકો હસે છે, કેટલાક લોકો પૂછે છે, કે આ શું ટપકી રહ્યું છે? ત્યારે તેણે જેવું હતું તેવું કહ્યું, આતો **જીભલડીનો રસ ટપકે છે!**

**કુ. રસિકબાળા લાલજી શાહ,**
**મુંબઈ. ઉ. વ, ૧૪.**

## કલ્યાણ વિજયવંતુ રહો!

કહેવાય છે કે, એક વખત કોઇ એક રાજાએ પોતાના
આત્માનું ક-

લ્યાણ સાધવા માટે યજ્ઞની શરૂઆત કરી, બધા
બ્રાહ્મણો જાતજાતના મંત્ર ભ-

ણતા હતા. ત્યાં અચાનક કોઇ એક સાધુ પુરૂષ જેવા
પવિત્ર માણસે આવીને કહ્યું કે, હે,

વિજયી રાજા આ ભયંકર યજ્ઞમાં સેંકડો પશુઓનો
નાશ કરવો એ તારૂં કર્તવ્ય-

જ નથી. તું માને છે કે આમ કરવાથી મોક્ષ મળે
છે. પણ એ તો તારી અને આ પશુઓને

યમસદનમાં મોકલવાને તૈયાર થયેલા વિપ્રોની ખોટી
માન્યતા છે. આમ પશુઓની હિંસાથી કયા

વંશનો નૃપતિ યા તો કયો બ્રાહ્મણ મોક્ષમાં ગયો છે?
આવી તે મહાપુરૂષની વાત સુણી રાજાને તેની
સરખામણીયે બધા

તુચ્છ જેવા લાગ્યા. તેણે યાજ્ઞિકોને કહ્યું, કે યજ્ઞની ક્રિયા
સમાપ્ત કરો અને પશુઓ તેમના-

રખારીઓને સોંપી દો, અને આજથી મારા રાજ્યમાં યજ્ઞાદિ કાર્યો બંધ કરો, આ સુણી સાધુ
બોલ્યા, અમર ર-

હો રાજન્! તારૂં શાસન. શુભકાર્ય કરી મેળવો દેવાસન.

**દોશી બાબુભાઈ રતિલાલ**
**તથા**
**દોશી તરૂણકુમાર ચીમનલાલ**

## પુષ્પ અને પરાગ

સુખી થવું તેજ જીવનનું ધ્યેય છે. સુખી થવાનો રસ્તો અહિંજ છે, તેનો સમય અત્યારેજ છે. સુખી થવાનો રસ્તો બીજાઓને સુખી કરવામાં છે.

જીંદગીની અંદર સફળ થવાનો સૌથી સારો રસ્તો આપણે આપણા માટે પ્રતિકુળ, અન્યોને માટે નહિ આચરવું તે છે.

ભલાઈ એવી ભાષા છે કે, જે બહેરો સાંભળી શકે છે અને મૂંગો સમજી શકે છે.

મૂર્ખની સાથે વાત કરવી એ શક્તિનો દુર્વ્યય છે, કારણુ કે સાબુ કોલસાને સફેદ કરી શકતો નથી. પોતાના અવગુણોનું શોધન કરીને તેને છોડવા પ્રયત્ન કરવો. કહ્યું છે કે, સજ્જનો સાચી વસ્તુઓનેજ ગ્રહણુ કરે છે.

સાદાઇમાં શ્રેષ્ટતા છે. અને લઘુતામાં પ્રભુતા છે

વૃક્ષો વિના જંગલ શોભતાં નથી, તેમ ધર્મ વિના મનુષ્યજીવન પણુ શોભતું નથી.

શીયળ એ શિવનું સાધન છે.

ધર્મ એ જીવનનું વાહન છે.

વહોરા હેમચંદ ન્યાલચંદ
ઉંમર વર્ષ ૧૫.

## તમે જાણો છો,

જગતમાં સૌથી વધુ લાખ હીંદમાં થાય છે.

જગતમાં સૌથી વધુ તમાકુ હીંદમાં થાય છે.

જગતમાં શેરડીનું વાવેતર હીંદમાં વધારેમાં વધારે છે.

હીંદમાં મોટામાં મોટો ઉદ્યોગ સુતરાઉ કાપડનો છે. તેનાં મુખ્ય સ્થાનો મુંબઇ તથા અમદાવાદ છે.

હીંદમાં રેલ્વે સ્ટેશનોની સંખ્યા ૭૨૦૦ની છે.

હીંદમાં લાંબામાં લાંબુ પ્લેટફોર્મ સોનાપુર પ્લેટફોર્મ છે. ( ઇ. આઇ. રેલ્વે )

આખા જગતમાં લગભગ ૫૦,૦૦૦ મનુષ્યો આંધળા છે.

હીંદમાં ઉંચામાં ઉંચો કુતુબ-મીનાર છે.

જગતમાં મીસીસીપી, તથા મીસુરી લાંબામાં લાંબી નદી છે.

જગતમાં ઉંડામાં ઉંડું બૈકલ સરોવર છે.

હીંદમાં લાંબામાં લાંબી સીંધુ નદી છે. ૧૯૭૫ માઇલ લાંબી છે.

મુળચંદ સોમચંદ વર્ષ ૧૭

## ભક્તામરનો પ્રભાવ

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલી ઉજ્જયિની નામની નગરીમાં સુમતિ નામનો નીતિમાન, દયાવાન અને ધર્મપ્રેમી વણિક રહેતો હતો. તે દરિદ્ર હોવા છતાં એ અનીતિના માર્ગે દોરાયેલો ન હતો. એક દિવસ ઉજ્જયિની નગરીમાં જૈન મુનિરાજ પોતાના શિષ્ય મંડળ જોડે પધાર્યા. એક દિવસ સુમતિ નામનો વણિક પણ ધર્મ ઉપદેશ સાંભળવા ગયો. વણિકે ગુરૂ મહારાજને પુછ્યું, કે દરિદ્ર માણસને એક ટંકના ખોરાક માટે વાંધા પડતા હોય તો તે ધર્મ કેવી રીતે કરી શકે? મને ધર્મ કરવાની ઘણી ઇચ્છા છે, પણુ દરિદ્રતા મારો પીછો છોડતી નથી, આપ દયા લાવી કોઇ ઉપાય બતાવો તો સારૂં. મહારાજે ભક્તામર સ્તોત્રનો ૩ જો અને ૪ થો શ્લોક આપ્યો અને કહ્યું, એ શ્લોકને તારે દરરોજ ૧૦૦ વાર પાઠ કરવો કે જેથી તું સુખી થઇશ. અને વણિકે દરરોજ પાઠ ભણવાને શરૂ કર્યો.

ભાગ્યયોગે, એક દિવસ ધનવાન શેઠની સાથે સુમતિ ધન કમાવા પરદેશ ગયો. વહાણમાં ઘણા બેઠેલા હતા. વહાણુ ધીમે ધીમે મધ્યમાં આવ્યું ને એકદમ પવન ફૂંકાયો. ધીમેધીમે વહાણુ ડગુમગુ થવા લાગ્યું ને વહાણુ ડુબવાની તૈયારી હોય તેમ જણાયું. વહાણુમાં બેઠેલા દરેક જણુ પોતાના ઇષ્ટદેવની પ્રાર્થના કરવા લાગ્યા. આ સમયે વણિકે મહાત્માએ આપેલા ભક્તામર સ્તોત્રના એ શ્લોકનું સ્મરણુ કર્યું.

અને થોડીવારમાં ચક્રેશ્વરી દેવીએ મોકલાવેલ દેવીએ સુમતિ નામના વણિકને દરીયામાંથી ઉપાડી

સમુદ્રના કાંઠે મૂકયો, અને કિંમતી વસ્ત્રો અને રત્નો અર્પણ કરી બોલી કે, તને જ્યારે મુશ્કેલીઓ ઊભી થાય ત્યારે તારે મને યાદ કરવી અને હું હાજર થઇશ ! આ પ્રમાણે કહી દેવી ચાલી ગઇ.

સુમતિ નામનો વણિક પોતાને ઘેર આવી દેવીએ આપેલા રત્નો વેચી મહાન ધનાઢય થયો. પછી સુમતિએ દરિદ્રાવસ્થાનો ખ્યાલ કરી ધનનો સદ્વ્યય કર્યો, ને તે દાનેશ્વરી બન્યો. ખરેખર ધર્મનો પ્રભાવ અચિંત્ય છે.

શ્રી સુરવીરચંદ ઝવેરી
મુંબઇ. ૩

## દુધના દુધમાં અને પાણીના પાણીમાં

એક હતાં ડોશી. તેમને એક પુત્રી, પુત્રીને સારા ઘરે પરણાવી; ડોશીના ઘેર ચાર ગાયો. દુધ અઢીશેર અઢીશેર નીકળે, સાંજ સવાર અરધોઅરધ દુધ વેચે શેર પાણી રોજ નાંખે પાણીના પૈસા જુદા એક લોટ-કામાં ભરે, હવે રૂપિયા નેવુ પાણીના ભેગા કર્યા, છોડીને આવ્યું સીમંત, કંકોતરી આવી. ડોશીના બીજા કુટુંબી દીયર જેઠના છોકરા. છોકરાઓને કહ્યું તમે મામેરૂં લઇ જઇ આવો. ડોશી વઢકણી હતી, કોઇએ હા પાડી નહિં, ડોશી પોતે નોળી લઇ રૂપિયા ભરી કેડે બાંધી વાળી સડકા ગાંઠ મામેરે ચાલ્યા અરધે રસ્તે આવી નદી, નદીમાં પાણી કમરપુર, કાછડો વાળી ડોશી ચાલ્યાં નદીમાં. અરધે રસ્તે નોળી સરી પડી, **હાય હાય દુધના દુધમાં અને પાણીના પાણીમાં** ડોશી ગયાં દિકરીને ઘેર, દીકરીએ પુછયું મા શું લાવી? બેન દુધના દુધમાં અને પાણીના પાણીમાં પુત્રીના સાસરા પાસેથી ૯૦ રૂપિયા લીધા ત્યારે દહાડો વળ્યો.

મુનિ શ્રી નરેંદ્રવિજયજી મ૦

## ભાઇ અમે શ્રાવક છીએ !

આજે જૈન ફીરકાઓમાં દેરાવાસી અને સ્થાન-કવાસી તેવા શબ્દો પ્રચલીત થઇ ગયા છે પણ સ્થાનકવાસી ભાઇઓના મુનિરાજો સ્થાનકમાં વાસ કરે છે તેથી તે તો બરાબર છે કે હશે? પણ ન તો દેરાવાસી કોઇ મુનિરાજ છે કે નતો કોઇ શ્રાવકો દેરાવાસી છે ! કોઇ દહેરામાં વાસ કરતુંજ નથી તો **દેરાવાસી કોણ ?**

અઢી હજાર વર્ષ ઉપર પ્રભુશ્રી મહાવીરદેવે ચતુ-ર્વિધ સંઘની સ્થાપના કરી ત્યારે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આમ ચાર પ્રકારે સંઘની સ્થાપના કરી, આમાં કયાંય વાસી શબ્દ નથી. ત્યારપછી ઘણા વર્ષે દીગંબર મત નીકલ્યો અને આસરે ૧૫૦૮ની સાલમાં લોંકાશાએ લોંકાગચ્છ કાઢયો તે ગચ્છના ઘણા ભાઇઓ હાલ છે.

ત્યારપછી આસરે ૧૫૭૦ની સાલમાં લુંપક એટલે ઢુંઢક મત નીકલ્યો, તેઓ ઢુંઢીયા કહેવાયા. છેવટે તેમાંના કોઇને તે નામ નહીં ગમવાથી થોડાજ વર્ષો પહેલા ઢુંઢીયાને બદલે સ્થાનકવાસી શબ્દ લગાડયો. બરાબર છે કે, તેમના મુનિરાજો સ્થાનકના વાસી છે. હવે દેરાવાસી નહીં હોવા છતાં કેમ દેરા-વાસી કહેવાય? તે જોઇએ. જેમ કે મોતી તે તો મોતી જ છે. પણ જ્યારે કલચર મોતી નીકળ્યું ત્યારે મોતીને સાચું મોતી શબ્દ લાગ્યો, તેમજ જેઓ સ્થાનકવાસી કહેવાયા, તેઓએજ શ્રાવકોને દેરાવાસી નામથી સંબો-ધ્યા, બાકી શ્રાવકો દેરાવાસી નથી.

જુઓ ચતુર્વિધ સંઘની સ્થાપનામાં શ્રાવક શ્રાવિકા, શ્રાદ્ધવિધિ, શ્રાવકનું વંદિત્તા સૂત્ર શ્રાવકના અતિચાર વલી કોઇ, સૂત્રો સ્તવનો કે સજ્ઝાયોમાં કયાંય પણ વાસી શબ્દ આવતોજ નથી શ્રાવકનો શ્રધ્ધા, વિવેક, ક્રિયા. આવો મતનો ભાવગર્ભીત અર્થ છે, તો દેરાવાસી કહે તેને પ્રેમથી સમજાવજો કે અમે શ્રાવક છીએ.

શ્રી નેમીદાસ અભેચંદ
કોટ. મુંબઇ

શ્રી કાનજીસ્વામિ મત પ્રચાર સામે
લાલબત્તી
**આત્મધર્મનો સત્સંદેશ**
મૂલ્ય ૦-૧૦-૦
**સોમચંદ ડી. શાહ-પાલીતાણા.**

**કવિ, કલમજીવી અને કળાકારોનો ત્રિવેણી સંયોગ સાધતો—**

# પુસ્તક ભંડાર

## સાહિત્યની અનોખી કૃતિઓ રજૂ કરે છે-

### સમરાદિત્યકેવલી યાને પુણ્યપ્રભાવ સચિત્ર.

| | |
|---|---|
| આવૃત્તિ ૩જી હાલ બહાર પડી છે.- | ૫—૦ |
| ભગવાન આદિનાથ ચરિત્ર | ૨—૮ |
| વધુ ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર-સચિત્ર | ૧૨—૮ |
| કયવન્ના શેઠનું સાભાગ્ય [ ચં. એમ. શાહ ] | ૩—૪ |
| માનવપૂજા [ ,, ] | ૩—૪ |
| કંચન અને કામિની [ જયભિખ્ખુ ] | ૩—૦ |
| મત્સ્યગલાગલ [ ,, ] | ૪—૮ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ [ ,, ] | ૧—૪ |
| એક દંડીયો મહેલ [ ચુનીલાલ વ. શાહ ] | ૩—૪ |
| પ્રભાવિક પુરૂષો ભા. ૨ જો [ મોહનલાલ ચોકસી ] | ૩—૦ |
| પ્રભાવિક પુરૂષો ભા. ૩ જો. | ૩—૮ |
| આર્દ્રકુમાર | ૩—૪ |
| પુરિસાદાણી પાર્શ્વનાથ | ૪—૦ |
| શ્રીપાળરાજાનો રાસ-સચિત્ર | ૫—૦ |

### : આધ્યાત્મિક પુસ્તકો :

| | |
|---|---|
| યોગદ્રષ્ટિ સમુચ્ચય [ ડો. ભ. મ. મહેતા. ] | ૬—૦ |
| યોગ બિન્દુ [ બુદ્ધિસાગરસૂરિ ] | ૫—૦ |
| શ્રીમદ્ રાજચંદ્રજી જીવન રૂપરેખા [ ,, ] | ૧—૪ |
| સુબોધવાણી પ્રકાશ [ ન્યાયવિજયજી ] | ૧૦—૦ |
| જૈનદર્શન [ ,, ] | ૨—૦ |
| યોગશાસ્ત્ર ભાષાંતર [ કેશરવિજયજી ] | ૩—૦ |
| યોગદીપક [ બુદ્ધિસાગર ] | ૩—૦ |
| કર્મફીલોસોફી [ આ. લક્ષ્મણસૂરીશ્વરજી ] | ૦—૬ |
| ,, અને બીજાં પ્રવચનો [ ,, ] | ૦-૧૨ |

**વધુ માટે બૃહત્ લીસ્ટ મંગાવો.**

### જયોતિષ શાસ્ત્રનાં પુસ્તકો.

| | |
|---|---|
| ~~વાસ્તુસાર પ્રકરણ~~ [ પં. ભગવાનદાસ જૈન ] | ૫—૦ |
| જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો [ હિંમ્મતરામ જાની ] | ૧૬-૦ |
| હીરકલશ જૈન જયોતિષ [ ,, ] | ૨૦—૦ |
| જાતકચંદ્રિકા [ ,, ] | ૬—૦ |
| વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત | ૬—૮ |
| રેખાવિજ્ઞાન શાસ્ત્ર [ ડો. પી. પી. ટાપર ] | ૬—૦ |
| ૧૯૫૧ ભાવિ ફળ [ હિંમ્મતરામ જાની ] | ૨૫—૦ |
| વર્ષભાવ વિચાર [ તલકચંદ શી. રૂપાલવાલા ] | ૩-૧૨ |
| વિશ્વરચના પ્રબંધ [ સચિત્ર ] | ૧-૮ |

### મંત્રશાસ્ત્રનાં પુસ્તકો.

| | |
|---|---|
| સૂરિમંત્ર કલ્પ સંદોહ સચિત્ર | ૩૦—૦ |
| ભૈરવ પદ્માવતી કલ્પ સચિત્ર | ૩૦—૦ |
| ઘંટાકર્ણ માણિભદ્ર મંત્રતંત્રાદિકલ્પ સંગ્રહ | ૭—૦ |
| મહાચમત્કારી વિશાકલ્પ | ૫—૦ |
| વિધારત્ન મહાનિધિ યાને અનુભૂત મંત્રબત્રીશી | ૫—૦ |
| આકાશગામિની વિદ્યા | ૫—૦ |
| જૈન સ્તોત્ર સંદોહ | ૫—૦ |
| મંત્રાધિરાજ ચિંતામણિ કલ્પ | ૭—૮ |

### ઐતિહાસિક પુસ્તકો

| | |
|---|---|
| ક્ષત્રિયકુંડ [ દર્શનવિજય ત્રિપુટી ] | ૧—૮ |
| પટ્ટાવલીસમુચ્ચય ભા. ૨ જો [ દર્શનવિજય ] | ૧—૮ |
| મેવાડના અણમોલ જવાહીર | ૧૦—૦ |
| જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ [ મો. દ. દેશાઇ ] | ૬—૦ |
| મારી કચ્છયાત્રા [ વિદ્યાવિજય ] | ૨—૦ |

**પ્રભાવના માટે લીસ્ટ મંગાવો.**

### —તદુપરાંત—

શુદ્ધ કેશર, સુવાસિત અગરબત્તી, વાસક્ષેપ, દશાંગીધૂપ; વાળાકુંચી; સોના-ચાંદીના વરખ, સુખડનું તેલ, પૂંજણી, ચરવળા; કટાસણાં; સંથારીયાં, કામળી, ધાબળી, પાતરાં; તરપણી, ઓઘાની દશી, રેશમની દરેક રંગીન માળાઓ, ચાંદી, સોના, અકલબેર કેરબા પરવાળા-સ્ફટીકની નાની-મોટી માળાઓ, નકશી સાપડા-સાપડી વગેરે માટે—

**લખો યા મળો:—મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**

બુકસેલર એન્ડ પબ્લીશર્સ; કીકાસ્ટ્રીટ: મુંબઈ ૨.

# ઘરની લક્ષ્મી ——— શ્રી ચીમનલાલ શાહ.

**સ**ત્તરમી સદીની આ વાત છે. લગભગ અડધી સદી તો પસાર થઇ ગઇ હશે. હીરાલાલ અને મોતીલાલ નામે બે ભાઇ મુર્શિદાબાદમાં રહેતા હતાં. તેઓનું મૂળ સ્થાન તો મારવાડ હતું, પરંતુ વ્યાપાર માટે બંગાળમાં જઇને રહ્યા હતા. હીરાલાલની પત્નિનું નામ હતું તારામતી, જ્યારે મોતીલાલની પત્નિનું નામ હતું લલિતા.

હીરાલાલ અને મોતીલાલ તો ગરીબ હતા, પરંતુ પ્રભાવિક પ્રેમ અને ઔર બુદ્ધિ હોવાથી તથા લલિતામાં વિનય-વિવેક હોવાથી દુઃખ જણાતું ન હતું. અને સુખી બનવામાં સહાયભૂત બનતા.

તારામતી એટલે કે, હીરાલાલનાં શ્રીમતીએ બન્ને ભાઇને કહ્યું હતું કે, જ્યારે સાંજે ઘેર પાછા ફરો ત્યારે સાથે કંઇક ને કંઇક જરૂર લેતા આવવું. જેથી બન્ને ભાઇ ઉદ્યમ કરવામાં રચ્યા-પચ્યા રહેતા હતા. ઘણા દિવસ આ પ્રમાણે પસાર થયા, પરંતુ એક દિવસ મોતીલાલને કાંઈ મળ્યું નહિ. જેથી ભાભીએ ટકોર કરી એટલે એકદમ બહાર જતો રહ્યો.

બહાર જતાં-જતાં રસ્તામાં તેણે એક મરેલો સર્પ જોયો. તેણે મરેલા સર્પને લાકડી ઉપર લઈ, ઘેર આવી, ભાભીને કહ્યું, "ભાભી, હું આ વસ્તુ આજે લાવ્યો છું."

ભાભી અને લલિતા પહેલાં તો એકદમ ગભરાઇ ગયાં. કદાચ આપણા ઘરનો અરૂણોદય થશે તેવા આ વિચિત્ર પ્રસંગ ઉપર વિચાર કરી તારામતીએ (ભાભીએ) કહ્યું કે, આ મરેલા સાપને આ ઉપર અગાસીમાં મૂકો." અને મોતીલાલે પણ ભાભીની સૂચના મુજબજ કાર્ય કર્યું.

આ ઘટના જ્યારે બની તે વખતે મુર્શિદાબાદમાં મુર્શિદકુલીખાં નવાબનું શાસન ચાલતું હતું. નવાબનો રાજ્યવૈભવ મહાન્ શહેનશાહ જેવો હતો, જો કે, મોગલ શહેનશાહનો પોતે સૂબો હતો, તેની ધર્મપત્નિ બેગમનું નામ હતું હેરુન્નિસા. તે ખરેખર રસમૂર્તિ હતી. નવાબે પોતાની પ્રિય અર્ધાંગના માટે અગાસીમાં સુંદર, શોભાયમાન બગીચો બનાવરાવ્યો હતો, રાજ્યની અગાસીમાં આ બગીચો બહુજ શોભાસ્પદ બની રહ્યો હતો.

કોઈ એક વખતે હેરુન્નિસાએ ખાસ કારણસર બગીચામાં ફરતાં-ફરતાં જેની કલ્પના પણ ન સંભવે તેવો મૂલ્યવાન હાર એક ખીંતી ઉપર અમૂક કારણસર મૂકયો, અને બહાર જતાં તે લેવો ભૂલી ગઇ. આ હારનો આકાર હતો સર્પ જેવો. સાંજનાં સમયે કોઇ બાજપક્ષી સર્પ છે તેમ ધારી હારને લઇ ગયું. ઉડીને જતાં-જતાં હીરાલાલની અગાસીએ આવતાં સાચો સર્પ જે ભાભીના કહેવાથી મોતીલાલે મૂકયો હતો, તે ભાળ્યો, એટલે તે સર્પ લઇ અને તે જગ્યાએ હાર મૂકી બાજપક્ષી તો ચાલી ગયું.

હાર ગૂમ થયો તેના સમાચાર રાત્રે ફેલાઇ ચૂકયા. નવાબે પણ હાર લાવી આપનારને, શોધી આપનારને એકસો સોનામહોર બક્ષીસ આપવાનું ઈનામ જાહેર કર્યું. બીજે દિવસે સૂર્યનારાયણે કિરણોને છોડ્યાં, ત્યારે તારામતી અમૂક કારણસર અગાસીમાં ગઈ, જ્યાં સર્પ મૂકવામાં આવ્યો હતો તે જગ્યાએ હારને જોઇ, નવાબનો જ હાર છે તેવું સમજી ગઈ. તેણે બન્ને ભાઇને બોલાવી હાર આપી, રાજભવનમાં મોકલ્યા.

અથથી ઇતિ સુધી નવાબે હિરાલાલ અને મોતીલાલનું કથન સાંભળ્યું. તારામતીની આવી કર્ત્તવ્યશીલતા જોઇ ખૂબ આનંદ માની તારામતીને માતા તરીકે સો સુવર્ણમુદ્રાનું ઇનામ આપ્યું. અને તે ઉપરાંત બીજી સો સોનામહોર હીરાલાલને આપવા કહ્યું. જો કે, હીરાલાલે આ પ્રમાણેની ભેટ સ્વીકારવા ના પાડી. પણ નવાબ તો બહુજ મુગ્ધ બની ગયા હતા. જેથી હીરાલાલની કોઇપણ ઇચ્છા પરિપૂર્ણ કરી આપવાનું વચન દીધું, ભવિષ્યમાં હું વચન માંગીશ તેવું કહી તેમણે રજા લીધી.

થોડોક સમય પસાર થયો અને દીપોત્સવી પર્વ પણ નજીક આવ્યા. નવાબ સાહેબ મૂળ હિંદુ જ્ઞાતિના હતા, પરંતુ ધર્મનું પરિવર્તન તેમણે કર્યું હતું. મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો. દીપોત્સવીપર્વ ઉજવવાની ભાવના થઇ. તેણે રાજ્ય તરફથી એવો હુકમ

બહાર પાડયો કે, આ વર્ષે આ નગરમાં કોઇના ઘરે દીપક-રોશની પ્રગટાવવી નહિ. ફક્ત રાજ્યમહેલમાં પ્રગટાવવામાં આવશે. નવાબનો હુકમ પ્રજાને માન્ય રાખવો પડયો.

તારામતીને આવો હુકમ પસંદ ન પડયો. આ વખતે મોતીલાલની સ્ત્રી લલિતા ગર્ભવતી હતી. આ સમયે તેણે હીરાલાલને નવાબ પાસે મોકલ્યો અને પહેલાનું વચન યાદ દેવરાવી આપણાં ઘરમાં દીપક-રોશની પ્રગટાવવાની અનુમતિ-રજા માંગવા કહ્યું, નવાબ તો વચનથી બંધાઇ ચૂકયા હતા તેથી તેને રજા દેવી પડી. આ પ્રમાણે દીપોત્સવીનાં દિને નવાબ અને હિરાલાલ બન્નેના ઘરે દીપક ઝળહળી રહ્યા હતા. જ્યારે હિરાલાલના મકાન પર માત્ર એકજ દીપક ઘીનો ઝગહળી રહ્યો હતો.

દીપોત્સવીના દિવસે સાંજના સમય વખતે તારામતી પાણી ભરવા નદીતટે ગઇ હતી. ત્યાં તેણે લક્ષ્મીદેવીને એક નાવડીમાં ઉતરતી દેખી. લક્ષ્મીદેવીનાં મુખ ઉપર વિષાદની ભાવના હતી. તે નવાબના મહેલ તરફ જતી હતી.

" બ્હેન ! રસ્તામાં જતાં-જતાં તારામતીએ વિનયથી પૂછયું, " આપે શું નવાબનો મહેલ પસંદ કર્યો છે ? '

" મારી પસંદગીની વાત કયાં છે ? " લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું. " તું નિહાળે છે કે, આજ દીપોત્સવી દિન હોવા છતાં દીપકની હાર માત્ર રાજમહેલમાં ઝળહળી રહી છે. "

'જી' શાંતિથી તારામતી બોલી. રાજ્યમહેલમાં લાખો દીપક ~~પ્રગટેલ છે, ઝગમગતા~~ છે, પરંતુ, મારી ઝુંપડીમાં માત્ર એક શુદ્ધ ઘીનો દીપક પ્રગટી રહ્યો છે. તો આપ મારે ત્યાં નહિ આવી શકો ?

'જરૂર આવું" લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું.

આપ આગળ જાઓ તારામતીએ ઘણીજ નમ્રતાથી કહ્યું. હું પાણી ભરીને પાછળ-પાછળ આવું છું, પણ મારા આવ્યા પહેલાં આપ ન જતાં.

"નહિ જાઉં" આ પ્રમાણે કહી તારામતીના ઘર તરફ લક્ષ્મીદેવીએ ચાલવા માંડયું.

અહીં તારામતીએ વિચાર કર્યો કે, જો હું ઘરે પાછી ન જાઉં તો વચનથી બંધાયેલી લક્ષ્મી મારા ઘરને કદી નહિ છોડી શકે. અને તારામતી સ્વપતિના ઘરમાં લક્ષ્મીનું સ્થાન બનાવવા માટે ગંગાનદીના અગાધ જળમાં પડી પાણીના ધીમ પ્રવાહમાં ડૂબી ગઇ.

વર્ષો સુધી લક્ષ્મી તારામતીની રાહ જોતી હીરાલાલના ઘરમાં રહી. લલિતાનો પુત્ર જગતશેઠ બન્યો. તેમણે તારામતીની સ્મૃતિ રાખી. અને જ્યાં સુધી તારામતીની સ્મૃતિ રહી ત્યાં સુધી લક્ષ્મી ત્યાંજ રહી.

આ સ્મૃતિ પ્લાસીના યુધ્ધ વખતે દૂર-સુદૂર જતી રહી, લક્ષ્મીએ પણ પછી તે ઘરને ત્યજી દીધું.


કબજીયાતના નાશ માટે
દોષ રહિત ઉપાય
**લક્ષ્મી છાપ**
**સત ઈસબગુલ**
વાપરો
મળવાનાં સ્થળો—
**કચ્છી મેડીકલ સ્ટોર-પાલીતાણા**
**મહારાજા મેડીકલ સ્ટોર્સ-ભાવનગર**
**ગાંધી રવજી દેવજી-જામનગર**
**શાહ મેડીકલ સ્ટોર્સ-રાજકોટ**

જૈન પાઠશાળા ઉપયોગી
**નિત્યનોંધ**
પાઠશાળા તથા કન્યાશાળામાં ભણતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને હંમેશનો પૂરવાનો કાર્યક્રમ છે, એક બુક પાંચ મહીના ચાલે છે.
૧૦૦ ના રૂા. ૧૨-૦-૦.
સોમચંદ ડી. શાહ... ...પાલીતાણા.

# ❋ વૈરાગ્યનાં ટંકાર ❋

પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ.

**યૌવનવાળાએ સંસાર પહોળો કર્યો ને વિવેકીએ સંસાર સમેટયો.**

તું તો રૂપવાન ખરૂં ને? ખીલવ, જેટલો સંસાર ખીલવવો હોય તેટલો ખીલવી લે! પૂર્વે 'આડે હાથે' ઉપાર્જી મૂકેલું પૂણ્યનું તેજબિંદુ તુજ આત્મા પર પ્રકાશ-પૂંજ પાથરી રહ્યું છે. ત્યાં સુધી નાચી લે. સંસારની રંગભૂમિ પર! રમી લે વિષયના તોફાનોમાં! પાગલ! પણ યાદ રાખજે કે તું મહા વિકરાળ પ્રચંડ કર્મ-કસાઇના જાલિમ પંઝામાંથી પછી છૂટી શકે તેમાં કંઇ માલ નથી!

યૌવનનો થનગનાટ થનગની રહ્યો હોય ત્યાં સુધી સંસારને સ્વર્ગ માની લે! પછી તે સંસાર તને સળગતો ઉભો ને ઉભો બાળી મૂકશે!

જો! જો! તુજ પીઠ પાછળ વિચક્ષણ કુરૂપી કર્મ-ડાકુ 'ડોળા' ફાડી ફાંતિયા કરતો પંઝા ધ્રુજાવતો અટ્ટહાસ્ય કરી રહ્યો છે!

તું! શાને નિર્ભય બની પાપલીલા આ બિભત્સ સંસારમાં ખેલી રહ્યો છે?

અરે! જરા તો દૃષ્ટિ કર આ તરફ આ યુવાન સંયમીઓ પર! વિવેક હીન! તારા પ્રબળ પાપોદયે તુજ યૌવન પાપમૈયાના ખપ્પરમાં હોમાય છે! ને આ વિવેકી સંયમીઓ તેમના યૌવનને ધર્મની ઉપાસનામાં-મોક્ષની સાધનામાં ફેરવી રહ્યા છે!

વિવેક શૂન્ય! તે તારૂં યૌવન સંસારની ખીલવણીમાં વેડફી મૂકયું ને! વિવેકીઓએ તેમનાં રૂપ-યૌવન જિનદેવને સમર્પિત કરી મૂકયાં.

"જગતની હોંશિયારી દુર્ગતિની ખાઇ ખોદે છે જ્યારે ચિત્તપ્રસન્નતા મોક્ષ સીડી રચે છે!

તું તો જગતનો "ડાહ્યો ન્યાયાધીશ" ખરૂં ને! અમૂલ માનવ જીવનની મહામૂલી પળોનો તું તો બહુજ 'સુંદર' ઉપયોગ કરે છે ને!

સવારનો ઉઠયો ત્યારથી પારકી પંચાતમાંથી ઉંચો આવે છે? નાકનાં ટેરવાં ઉંચાં ચઢાવતો, આંખોને વિકૃત કરતો, કષાયના તોફાનો કરતો! કેવળ વાણી—વિલાસ કરતો તું શું ચિત્તની પ્રસન્નતા પામવાનો હતો! આજે જગત અવળા માર્ગે જઇ રહ્યું છે! આજે અમેરીકામાં બોંબના ધડાકાએ લાખોના પ્રાણ લીધા......

પણ મૂર્ખ! તેમાં તારે શાને હૈયા ગેદણાં! જગત જગતના માર્ગે છે તેમાં તું શાને તુજ કર્તવ્ય વિમુખ બને છે! ના! પણ ગામની પટલાઇ કર્યા વગર તને ખાવાનું પણ ન ભાવે ખરૂં ને! કરી લે જેટલી પટલાઈ કરવી હોય તેટલી, ને લઇલે જેટલો લેવાય તેટલો લોકજશ!

પરંતુ તેજ લોકો તને હડધૂત કરી અવળે ગધાડે ન ચઢાવે! જગતનું ડહાપણ ડોળતાં આત્માને દુર્ગતિનાં દ્વાર તરફ ન ધકેલે!

આત્માના જતનમાં ચિત્તની પ્રસન્નતા વસેલી છે! તન, મન ને ધનથી આત્મતત્ત્વોની ખીલવણી જરૂર તુજ જીવનનૌકાને સંસાર સમુદ્રથી વિમુક્ત કરી શીવપુરના સોહામણા આરે ઉતારશે.

દુનિયાનું ડહાપણ બાહ્ય ભાવોમાં રમતા કરી મૂકે છે જ્યારે આત્મ-હોંશિયારી આંતરચક્ષુઓ ખોલી નાંખે છે.

**જૈન એટલે સંસાર તરફ કૂચ કરનારો નહિ, પણ મોક્ષ તરફ પગલાં માંડનારો.**

તને તો આજે આ યુગમાં સ્વ જાતને જૈન તરીકે ઓળખાવવામાં પણ શરમ લાગે છે ને? ખેર! હવે તો તે શરમ મૂકીને એમજ કહીદે કે, મને કોઇ જૈન કહેશો નહિ. હું શ્રાવક નથી કે જેથી જૈનત્વને લાંછન લાગતું અટકી જાય! જૈન જગતનાં પૂરાતન—અજવાળાં આજે અંધકારમાં પલટાઇ રહ્યાં છે. મોક્ષના પથિક મટી સંસારને શણગારનારા તેના ગુલામ બની બેઠા છે.

અમે મોક્ષના અર્થિ દેવાધિદેવ શ્રી વીર-પરમાત્માના પુત્રો! આવા ગૌરવ ભૂલીને અમે લક્ષ્મી-પતિઓ, અમે મોટા શેઠ! આમ બોલી બોલી ગાંડા ઘેલા બની જાય છે.! શું જાણે મેળવી લીધું?

પરંતુ અક્કલના ખજાનચીઓ ! તમારા બોલવામાં ધૂળ પડી છે ! લક્ષ્મીના માલિક તમે નથી તો તેના પૂજારી છો ! અરે ! પૂજારી કહેતાંતો શરમ આવે છે. ગુલામડા કહું તો ચાલે ને ?

જૈન તો સંસાર ભોગવી પણ જાણે, ને ત્યાગી પણ જાણે ! તમેતો માયકાંગલાઓ ! સંસારને ભોગવી પણ જાણતા નથી, પછી ત્યાગમાં તો શું ? દેવાળુંજ કે બીજું કાંઈ ?

ખરેખર ! આજે કહેવું પડશે, કે, જૈનો મોક્ષ તરફ નહિ બલ્કે સંસાર તરફ કુદકે ને ભૂસકે સંસાર લીલા ખેલવા પાવરધા બનતા જાય છે ! ને દુર્ગતિના ડાઘુઓ તેમનાં સ્વાગત કરવા નાચી રહ્યા છે !

**"સંસારની પોક મુકે તેને ધર્મ વહાલો લાગે અને દુઃખની પોક મુકે તેને ધર્મ ઓરમાયો લાગે."**

ધર્મપ્રવૃત્તિના અચિંત્ય ને અણમોલ લાભો માનવ આજે સમજતો થઈ જાય તો આજે પૃથ્વી પર સ્વર્ગ ઉતરે !

ખરેજ ! પણ આજે સહુ કોઇ સુખની પ્રાપ્તિમાં ને દુઃખની હાયમાં રડોરોળ કરી રહ્યું છે ! સુખની પ્રાપ્તિ થતી હોય તો ભયંકરમાં ભયંકર પાપ આચરવામાં તે માનવ-પશુઓના હાથ પાછા ન પડે !

ખરેખર ! ખેદ થાય છે ! જેના પ્રયત્નથી સુખની, અરે, અખુટ સુખની પ્રાપ્તિ થવા પૂરો સંભવ છે તેનુંજ કાતીલ પણે ખૂન કરનાર કેવી રીતે સુખ પામી શકે ? પછી તેનાથી મુક્તિના સુખોને કેટલું છેટું ? અરે ! એતો ઠીક પણ સંસારના તુચ્છ સુખો પણ તેનાથી દૂર દૂર ભાગવાનાં ! ને હૈયાફુટાઓના કપાળમાં હરહંમેશ માટે દુઃખ જ જડાયેલું રહેશે !

વાસ્તવિક સુખ કયું છે ? તેની શોધ વિના વિવેક-શૂન્ય પુરુષાર્થ આચરાય જાય છે, તેનાંજ આ વિપરીત પરિણામો છે.

વિષયવાસનામાં અમન-ચમનમાં માન-સન્માનમાં સુખ કલ્પી માનવ ઉંધા માથે દોડેજ જાય છે ! પણ વાસ્તવમાં તે સુખ છે જ નહિ. ખરૂં સુખ તો ધર્મની સાધનામાં છે. તેના સાધ્યબિન્દુમાં છે ! ને તે સુખ જેને વહાલું લાગ્યું તે સાંસારિક દુઃખોને તો શું પણ ખુદ સંસારને રડે !

જ્યાં સુધી સંસાર ત્યાં સુધી તે સુખ દૂર ! ને જેટલો ~~સંસાર દૂર~~ તેટલું તે સુખ નજીક ! જગતના જીવો સંસારિક સુખની પ્રાપ્તિમાં ભારોભાર પાપ કરતાં તેના ફળ રૂપે મળતા દુઃખોને પોક મૂકી રડે છે ! જ્યારે મોક્ષ સુખની સાધનાવાળો સંસારની પોક મૂકે છે, ને ધર્મકરણીમાં મશગુલ બને છે ત્યારે પેલો ધર્મથી વિમુખ બને છે !

**જગતમાં આત્મ-જતન સિવાય સર્વ પર-પુદ્‌ગલના ખેલ છે.**

પરવસ્તુમાં આત્માની જ્યારે આસક્તિ થાય છે, ત્યારે માનવતા ભૂલી ને હેવાનિયત આચરતાં પણ અચકાતો નથી.

આત્માના ગુણો સિવાયની જેટલી સંસારમાં ગડમથલ છે, તે સર્વ આત્માનું અધઃપતન કરનારી ને અનંત-કાળચક્રમાં રખડાવનારી તુચ્છ વસ્તુઓ છે.

રે માનવ ! કયાં ભાન ભૂલી પરને સ્વ માની રહ્યો છે ! સર્વ પર-પદાર્થ છોડી, આ પૃથ્વીથી અળગા પડી ચાલ્યા જવાનું છે, કાંતો તે તને છોડી જશે. તેટલું અવશ્ય કે પર-પુદ્‌ગલનો સંગ દગો દેનાર છે.

ને એક વ્યક્તિને દગાખોર જાણ્યા બાદ પણ તેની સાથે મૈત્રી કરવાનું દિલ થાય એમજને ? ઠીક. કરીલે મૈત્રી ને ચાટીલે મીઠાશ ! તે મીઠાશજ તને એક દિ ઝળહળતું ઝેર પાવામાં ચૂકશે નહિ !

મારૂં તારૂં કરવામાં પળેપળે આત્મ-ઉપયોગ વિના તું વિનાશ તરફ પગલાં માંડી રહ્યો છે !

પરમાં આસકત થતાં પહેલાં પાછો હઠી, તુજ અંતરાત્માને પૂછ ! કે 'મુજ કાર્ય આત્માનું રક્ષણ-કર્તા કે અધઃપતન કર્તા છે ?

માની લે ! તારી અલ્પ જીંદગીની મહેફિલમાં પરને તથા સ્વને પણ કર્મસત્તા તને કાષ્ટ-ચિતા પર પોઢાડી એકલો ને અટુલો નિઃસહાય પાપથી ભારોભાર લેપાયેલો જીંદગીના જુગારમાં હારેલો કુયોનિયોની પકડમાં સોંપી દેશે !

# ✱ લક્ષ્મીનો ગુલામ—વિશ્વભૂતિ ✱

**શ્રી રસિક શાહ.**

અભ્રકીન વ્યોમમાં ઉષાના આગમનને સત્કારવા માટે પક્ષીઓ પોતાના માળાઓ છોડી દઇને આમ તેમ કલરવ કરતાં ઉડી રહ્યાં છે, તથા મનુષ્યો પણ મંદિરોમાં પ્રભુ પ્રાર્થના કરવાની તૈયારી કરી રહ્યા છે. આવા સમયે એક મનુષ્ય રસ્તા પર ચાલ્યો જાય છે, તેનો પહેરવેશ જોતાં એક ગરીબ ભિક્ષુક બ્રાહ્મણ જેવો લાગે છે. બાવળનાં વાંકા-ચુંકા કાષ્ટની લાકડીને આમ તેમ ફેરવતો તે આગળ ચાલે છે. સહસ્ત્રકિરણે પણ પોતાના બાળકિરણોને જગત પર પ્રસારી દીધાં છે. આ ભિક્ષુક જેવો બ્રાહ્મણ રાજમાર્ગમાં આવી પહોંચે છે.

રાજમાર્ગ ઉપર અનેક જાતની દુકાનો આવેલી છે. કેટલાક દુકાનદારો પ્રાતઃકાળનું કાર્ય આટોપીને બેઠા છે. એવામાં એક દુકાનદારની દૃષ્ટિ આ બ્રાહ્મણ ઉપર પડી, અને એકદમ તેણે પોતાના સાથીને કહ્યું, "બોલ તો આ જાય છે તે કોણ છે, ?" "કોઇક ગરીબ ભીક્ષુ જેવો ભીક્ષાર્થે જાય છે," તેણે જવાબ આપ્યો. "ના, ના, આતો એક્ષો મોટો શેઠીયો વિશ્વભૂતિ છે, તેણે કેટલીએ મીલ્કત ભેગી કરી છે." દુકાનદારે કહ્યું "હેં !!!" સાથીદાર આશ્ચર્ય પામ્યો અને બોલ્યો, 'ડોળ તો ભીખારીને પણ લજવે તેવો છે'

આવા અનેક કાનમાં શીશું રેડે તેવા કટુવચનો સાંભળતો ધનમૂઢ વિશ્વભૂતિ આગળને આગળ ચાલ્યો જાય છે, છેવટે તે એક આલીશાન મહાલયના મુખદ્વાર આગળ આવી પહોંચ્યો, મહાલયમાં દાખલ થવા દ્વારપાળે તેને અટકાવ્યો અને તાડુકીને બોલ્યો.

"એ ભીખારડા ! આમ અંદર કયાં મરે છે, ? બહાર ઉભો રહે, વસ્ત્ર અન્નાદિ જોઇતું હોય તો શેઠને ખબર આપું"

મારેતો દેવભદ્રશેઠને મળવું છે, વિશ્વભૂતિએ જણાવ્યું.

એટલા નીચે બેસ, એમ કહી દ્વારપાળ ગયો. અને શેઠને તેના આગમનની ખબર આપી શેઠ બહાર આવ્યા અને વિશ્વભૂતિને જોઇને સત્કાર કરતાં બોલ્યા, ઓહો! વિશ્વભૂતિજી પધારો ! પધારો ! અત્યારે કયાંથી? અને વિશ્વભૂતિજી મહાલયમાં ગયા. આ વિશ્વભૂતિ અને દેવભદ્રશેઠ એકજ શહેરમાં રહેતા હતા. તેઓ બન્ને પાસે સારા પ્રમાણમાં લક્ષ્મી હતી. આ પ્રમાણે તેઓ બન્ને એકજ કોટિના હતા. પરંતુ તફાવત એ હતો કે, દેવભદ્રશેઠનું પુણ્ય પુણ્યાનુબંધી હતું અને તેઓ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરતા, દાનાદિ તથા યથાયોગ્ય રીતે પોતાની લક્ષ્મીનો ઉપભોગ કરતા.

પરંતુ, વિશ્વભૂતિશેઠ તો બીજા મમ્મણશેઠ હતા. ખાવા-પીવામાં તદન શુદ્ધ વસ્તુઓ તૈલ ચોળાદીનો ઉપયોગ કરતા, વળી પુત્રો, સ્ત્રી વગેરેને પણ તેની આજ્ઞામાં જ રહી જીવતાં નર્ક જેવું દુઃખ ભોગવવું પડતું. આ પ્રમાણે પાપાનુબંધી પુણ્યના યોગે વિશ્વભૂતિ તથા તેના કુટુંબની, લક્ષ્મીપતિ હોવા છતાં પણ ખરાબ દશા હતી.

એકદા વિશ્વભૂતિ શેઠ રાત્રિના સમયે લાંબી પોળી એવી ખાટલીમાં સુતા હતા. ત્યારે એકાએક તેમને દેવભદ્રશેઠને વ્યાજે આપેલા હજાર રૂપિયા યાદ આવ્યા અને ખોટી ચિત્ર-વિચિત્ર પ્રકારની ચિંતાઓવડે તેઓ નિદ્રા પ્રાપ્ત કરી શકયા નહિ. પ્રાતઃકાળ થતાં તો તેઓ દેવભદ્રશેઠને ત્યાં ઉપડ્યા.

વિશ્વભૂતિ, દેવભદ્રશેઠ સાથે મહાલયમાં ગયા, દેવભદ્રશેઠે તેને દાતણ આદિ કરાવી, ખૂબજ સન્માન કર્યું. બાદ ભોજન સમયે જાત-જાતની રસવતીઓ તેમના ભાણામાં ખૂબજ આગ્રહપૂર્વક મૂકી. આવી કોઇ દિવસ ન આરોગેલી તથા ખૂબજ કીંમતી એવી રસવતીઓ જોઇને તે મનમાં વિચારવા લાગ્યો, "આ શેઠ કાં તો થોડાજ વખતમાં દિવાળું કાઢવાનો છે. મારા જેવા કેટલાયે અહીં આવતા હશે. અને આવી રસવતી જમતા હશે. આ પ્રમાણે તો કુબેરના ભંડારો પણ ખૂટી જાય. આ પ્રમાણે શેઠની જાત-જાતની ભોગ-વિલાસોની સામગ્રીઓ જોઇને તે જાત-જાતના તર્ક-વિતર્ક કરવા લાગ્યો.

---

તે સમયે પસ્તાવાનો પાર નહિ રહે ! જ્યારે પરમધામીઓની ક્રુરતા પૂરજોશમાં તેનું પોત પ્રકાશવા માંડશે ! તે સમયે તારૂં કોઇ સ્વજન તને આશ્વાસન આપવા આવશે એમ ને ? આજેજ ચેતી લે ! પર સંગત છોડી સ્વ-આત્માં સાથે મિત્રતા બાંધ, તેમાંજ તારૂં કલ્યાણ છે ને જગતનું ભાવિ પણ તેમાંજ ઉજ્વળતા પામી રહેશે !

રાત્રી પડતાંજ શયનની તૈયારી થવા માંડી અને વિશ્વભૂતિ તથા શેઠે એકજ શણગારેલા એવા શયન-ગૃહમાં શયન કરવાનું રાખ્યું. અહીં પણ જાત-જાતના સુગંધી ધૂપ, દીપ અને ઉંચી જાતના દ્રવ્યો જોઇને તેને વલોપાત થવા માંડ્યો. અને પલંગમાં પડ્યા-પડ્યા તર્ક કરવા લાગ્યો "બસ સવાર થતાંજ હું મારા રૂપિયા વ્યાજ સાથે લઈને હાલતો થઇ જાઉં, આવા ઉડાઉના ભરોસા શા ?

આવા તર્ક–વિતર્કો કરતા કમભાગી વિશ્વભૂતિ આવા સુખપૂર્ણ શયનગૃહમાં પણ નિદ્રા મેળવી શકયો નહિ.

લગભગ મધ્યરાત્રિનો પ્રહર ચાલતો હશે, તેવામાં શુભ્ર વસ્ત્રોથી આચ્છાદિત દેહવાળી એક સર્વાંગ-સુંદર સ્ત્રી આ શયનગૃહ તરફ આવી. આ સ્ત્રીને જોઇને વિશ્વભૂતિ વિચારવા લાગ્યો કે "શું આ શેઠ અહિં અન્ય સ્ત્રીઓ સાથે પણ વિલાસો માણે છે ? શું તે મારી પણ શરમ રાખતો નથી. ? પરંતુ જોઇએ કે, આ સ્ત્રી મારી શરમ રાખે છે કે નહિ." તે સુંદરી લાગલીજ આવીને ધુપદાનીમાં પડેલા દેવભદ્ર-શેઠના કપડાના છેડાને ઉઠાવી લઇ, તેને બુઝવીને જેમ હતો તેમ શાંતિથી મૂકી ચાલવા લાગી, પરંતુ વિશ્વ-ભૂતિ તો જાગતોજ હતો, તેણે તેનો છેડો પકડીને પૂછ્યું, તું કોણ છે? સ્ત્રીએ જવાબ આપ્યો, " આ શેઠના ઘરની લક્ષ્મી છું " વિશ્વભૂતિએ ફરીને પૂછ્યું, "અહીં શા માટે આવી છો ?" લક્ષ્મીએ કહ્યું, " શેઠની સંભાળ લેવા" " મારે ત્યાં પણ પુષ્કળ લક્ષ્મી છે તો મારી સંભાળ લેવા શા માટે નથી આવતી ? " વિશ્વભૂતિએ પૂછ્યું.

"કારણ કે, તું દાન કરતો નથી, વળી આ શેઠે તો પુણ્યાનુબંધી પુણ્ય બાંધેલ હોવાથી અને કોઇ પણ જાતના નિયાણા વિના સુશ્રદ્ધાથી જૈનધર્મને આરાધેલો હોવાથી તેનાં ચરણની હું દાસી છું પરંતુ એ ગમાર ! તારા જેવાની તો હું સ્વામિની છું." લક્ષ્મીએ કહ્યું. "તો કાલથી હું પણ સારી રીતે વસ્ત્રાલંકાર પહેરી દાનાદિ દઇશ. અને તને મારા ચરણની દાસી બનાવીશ. વિશ્વભૂતિએ કહ્યું, "તારૂં પાપાનુબંધી પુણ્ય હોવાથી જો તું તારી લક્ષ્મીનો દાન કે ભોગમાં ઉપયોગ કરી-શ તો એ મૂર્ખ શિરોમણિ !-યાદ રાખજે કે, તારે નવે અંગે ડાંભ દેવડાવીશ." લક્ષ્મી બોલી.

"તારાથી થાય તે કરજે" વિશ્વભૂતિ બોલ્યો. અને લક્ષ્મી ચાલતી થઇ. સૂર્યોદય થઇ ગયો છે, વિશ્વ-ભૂતિએ શેઠ પાસેથી પોતાના પૈસા વ્યાજ સહિત લઇને ચાલવા માંડયું. પૈસા લઇને તે બજારમાં આવ્યો, અને સારા વસ્ત્રાલંકાર લઇ શરીરને શણગાર્યું. ત્યાર-બાદ તેણે દાન દેવા માંડયું અનેક ભિક્ષુકો "વિશ્વભુતિ શેઠ ઘણું જીવો " વગેરે બિરૂદાવળી બોલવા લાગ્યા.

આ પ્રમાણે વિશ્વભૂતિમાં એકાએક પલટો થવાથી ગામના અગ્રગણ્ય માણસોએ વિચાર્યું કે, જરૂર આનું ચિત્ત ભમી ગયું છે. અગર ભૂતાદિનો દોષ થયો છે. તેના પુત્રોએ પણ તેમજ માન્યું. આથી બધા ભેગા થઇને તેને ઘેર લઇ ગયા. ત્યાં પણ તે પુત્રોને કહેવા લાગ્યો, હે પુત્રો ! તમો દાન દેવામાં જરાપણ કૃપણ થશો નહીં, વળી તમારી ઇચ્છા પ્રમાણે ભોગાદિ ભોગવો. આ પ્રમાણે સાંભળીને બધાને ભૂતાદિ દોષની ખાત્રી થઇ, અને વિશ્વભૂતિને દોરડાવડે બાંધ્યો. અને નવે અંગે ડાંભવાની તૈયારી-ઓ થવા લાગી. આથી વિશ્વભૂતિ વિચારવા લાગ્યો કે, જો હવે ચેતીશ નહીં તો જરૂર આ લોકો લક્ષ્મીના કહ્યા પ્રમાણે નવે અંગે ડાંભ દેશે." આ પ્રમાણે વિચારીને તે સ્વસ્થ થયો હોય તેમ બોલ્યો, "આ બધું શું છે ? બધા લોકો શા માટે ભેગા થયા છે ? અને પછી પોતાનો મૂળ પહેરવેશ પહેરીને નિત્યકર્મમાં પ્રવૃત્ત થયો, આથી લોકોએ પણ માન્યું કે, હવે ઠેકાણે આવ્યો" અને બધાં વીખરાઇ ગયા.

તે દિવસની રાત્રે તે ઉંઘમાં હતો ત્યારે પેલી શુભ્રવસ્ત્ર-વાળી સ્ત્રી સ્વપ્નમાં આવી અને બોલી :

**उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे,**
**विकसति यदि पद्मं पर्वतानां शिखाग्रे;**
**प्रचलति यदि मेरुः शीततां याति वह्निः,**
**तदपि न चलतीयं, भाविनी कर्मरेखा.**

---

**શબ્દગોષ્ટિ ઈનામી યોજના નં. ૫**

આવતા અંકે રજૂ થશે

---

# માનવતાનો દીવો

**સ્વ. શ્રી મેઘાણી.**

જગતમાં ગમે તેવી આપત્તિ કે દુઃખની વેળાયે પોતાની પ્રમાણિકતાને ટકાવી રાખવી, એ બહુજ વિરલ વ્યક્તિઓનાં જીવનમાં હોય છે. છતાંય લોકોને તો સાચા માણસની કાંઇ કિંમત હોતી નથી, એ તો હીરાને પણ કાચ માનીને તેની નિન્દા કરવામાં પાછી પાની કરતા નથી. તો પણ જીંદગીના છેલ્લા છેડા સુધી જેણે પ્રમાણિકતા તથા સચ્ચાઇની ટેક દુ:ખોના ડુંગરાઓ વચ્ચે જાળવી રાખી છે, એ નેકદિલ માણસને કઈ રીતે આપત્તિમાં મૂકાવું પડે છે, તો પણ પોતાની આત્મશ્રધ્ધા પર મુસ્તાક બની એ અવસરે અડગ મેરૂ જેમ એ કઈ રીતે રહે છે; જે આજે ભૂલાઇ જતી માનવતાના યુગમાં આપણને માનવતાનો પ્રકાશ આપી જાય છે, આવાજ એક નેકદિલ ખાનદાન આદમીની કથા અહિં રજૂ થઇ છે.

**આવતી** કાલે સાંજે રાજા રાઓલજીના જામદાર-ખાનામાંથી થોડાએક ઝવેરાતની હરરાજી થવાની છે, ઝૂંઝા કામદારના સાળા દિલ્હીમાં નામાંકિત ઝવેરી હતા. તે આ હરરાજીમાં ઊભા રહેવાને માટે સાંજની ગાડીમાં આવી પહોંચ્યા છે.

સ્ટેશન પર રાજનું કોઇ વાહન હાજર ન હોવાથી મહેમાન ભાડે ઘોડાગાડી કરીને બનેવીને ઘેર ગયા, માન્યું કે કાગળ પહોંચ્યો નહિં હોય.

ઘોડાગાડી શહેરની બજાર વચ્ચેથી નીકળી ત્યારે દુકાને દુકાનેથી ઝવેરીનાં આ સ્વાગતની માર્મિક ચેષ્ટાઓ થઇ ગઈ. પરંતુ હરરાજી તો ઉઘાડે છોગે થવાની હતી એથી સીધો તો કોઇ આક્ષેપ કોઈથી થઇ શકે તેવું હતું નહિ, કયો એવો માર્ગ છે કે, જે માર્ગ કારભારી સાહેબ પોતાના સાળાને ખટાવશે? લોકોને ગમ ન પડી. ગમ ન પડી તો થઈ શું ગયું? સાળો–બનેવી કોઇક ને કોઇક ઇલમ અજમાવ્યા વિના કંઇ થોડા રહેવાના છે? ને કારભારી સાહેબને તો હવે જઈફી બેઠી; જમાનો બદલાઇ ગયો; હવે એ લાંબું નહિ ચલાવે; તો પછી જતા જતા થોડો–ઘણો હાથ માર્યા વિના તો થોડાકજ રહેવાના? રહે તો એના જેવો હૈયાફૂટો કોણ? તો તો એના કારભારમાં ધુળ પડી!

'પણ ભાઇ!' ડાહ્યા માણસો બોલી ઉઠતાં, હાથ મારવામાંય હિંમત જોઇએ છે. હાથ કેમ મારવો તે તો આ ગોરા એડમિનિસ્ટ્રેટરો જ જાણે છે, આમ જુઓ તો કડકા ને કડકા: તલવારની સજેલી ધાર જેવા, ને આમ નજર કરો તો પાંચ વર્ષે પેન્શન લઇને વિલાયતમાં જાઇ, મરે ત્યાં સુધી લીલાલહેર કરે!

શહેર જ્યારે કાળા–ગોરા અમલદારોની આવી સરખામણી કરી રહ્યું હતું ને આપણા કાળાઓને ગોરા અમલદારોની જેમ સિફતથી ખાતાં આવડતું નથી એવો ખેદજનક નિર્ણય થઇ રહેલ હતો, ત્યારે ઝુંઝા કારભારીને ઘેર સાળો–બનેવી પાટલા ઉપર બેસી વાળુ કરતા હતા. કારભારીના પત્ની જશોદા બહેન, શરીરે સોજા છતાં રસોડામાં રોટલી વણતા હતા.

બહેનના ભાઇની નજર દરેક જમવા બેસનાર પરોણાની આદત હોય છે તે પ્રમાણે બહેનના ઘરની દીવાલો ઉપર અને ખૂણાઓમાં, આજુ બાજુ આરપાર બીજા ખંડોમાં સર્વત્ર ચૂપકિદીથી ભમતી હતી. થાળીમાં હજુ પીરસાવાનું શરૂ થતું હતું, પરોણાના હાથનાં આંગળાં ઉપર બે હીરાજડિત વીંટીઓ હતી, તે વડે થાળીના કાંઠા ઉપર એ ટકોરા મારી રહ્યા હતા.

જમતાં જમતાં સાળા–બનેવી વચ્ચે આડી–અવળી વાતો થઇ, તેમાં એકાદ બે વાર ઝવેરાતનો ઉલ્લેખ થયો.

'કુલ કેટલુંક હશે?

એનો કંઈ નેડોજ નથી. નોંધ બોંધ રાખેલીજ નથી. રાઓલજીની પેઢાનુપેઢીથી એજ રસમ ચાલી આવે છે, કે, હોય તેટલું તાળા–ચાવીમાં પડયું રહે, જરૂર પડે ત્યારે વેચીને નાણાં કરવામાં આવે; ને સગવડ હોય ત્યારે નવી ખરીદી કરીને ઉમેરવામાં આવે. તે સિવાય તો ભગવાન જાણે ને બીજો જાણે ચાવી રાખનારો!

દેશી રાજ્યોનાં જામદારખાનાંને વિષે આવું કહેવું એમાં અતિશયોક્તિ નથી. જામદારખાનાંના રત્ન હીરા-

ના ને મોતીમાણેકના ખજાના હંમેશાં અકલિત તેમજ ભેદીજ રહેતા આવ્યા છે. એ અઢળક દોલતની ચાવીઓ કેવળ વિશ્વાસને જોરેજ સચવાતી આવે છે. એમાંથી પગ કે પાંખો કરી પલાયન થઇ જતાં જવાહિરોને કોઇએ જાણ્યાં નથી, જામદારખાનાંની દુનિયા અતલ છે: એણે રંકને નિહાલ કર્યા છે.

ફરી એકવાર અને પછી તો ફરી-ફરીવાર ઝવેરીએ બહેનના ઘરની ભીંતો નજરમાં લીધી, બનેવીને પણ ટીકી-ટીકીને નીરખ્યા કર્યું, ઝૂંઝા કારભારીની ઉંમર તે વખતે સાઠ વર્ષની હતી એની આંખોમાં ખીલનો રોગ ખૂબ જોર કરતો હતો, ને બહેનના શરીરે સોજા ઊતરતાજ નહોતા.

બહેનનાં છોકરાં રમીને ઘરમાં આવ્યાં ત્યારે પણ મામાએ બધાને ધારીધારી નિહાળ્યાં, તે તમામનાં મોં ઉપર, શરીર ઉપર, કપડામાં ને શણગારમાં ગરીબી બોલતી હતી.

વાળુ કરીને કારભારી આવતી કાલના લિલામની તૈયારીને માટે બહાર ગયા. સામી પરસાળે મહેમાનોને માટે રાખેલા ઓરડાની હિંડોળાખાટે ઝવેરી લાંબું અંગ કરી સૂતા હતા. ને સામે એક ચાકળો નાખીને પચાસ વર્ષની વયનાં જશોદાબહેન ભાઈ સારૂં પાન ચોપડતાં બેઠાં.

'જશોદા !' ભાઇએ હોકો પીતે-પીતે વાત કાઢી, 'તારૂં તો ઘર જોઇ-જોઇને આજે હું સળગી ગયો છું.'

'હોય ભાઇ !' જશોદા સમજી ગઇ.

'શું હોય ભાઇ ? કામદારની આંખો જવા બેઠી, તારૂં શરીર અટકી પડશે, છોકરાં હજી નાનાં છે. પણ કામદારને કશો વિચાર જ ન આવે ! કઇ જાતના માણસ !'

'હશે ભાઇ ! જેવા છે તે મારે તો ગિરધરગોપાળ સમાન જ છે' જુના યુગની ભદ્રિક બહેને જવાબ દીધો.

'મને બીજું કાંઇ નથી લાગતું જશોદા ? પણ આવતી કાલે પહેલી ને છેલ્લી તક જેવું છે. હું કયાં કહું છું કે કામદાર હરામી કરે કે લબાડી કરે ? હું કશા છળપ્રપંચનીય વાત કરતો નથી. રાજને એણે દેવામાં કશું બાકી નથી રાખ્યું. રાઓલજીને ગાદી આપવામાં એણે ગાંઠના ગોપીચંદન ખરચ્યાં છે, ને હવે શું રાઓલજીની પાસેથી થોડીક કદર પણ ન કરાવી શકાય ?'

બહેને જવાબમાં ફક્ત નિઃશ્વાસ નાંખ્યો. એને ઝાઝું બોલતાં આવડતું નહોતું. 'એમ ઉંડા નિસાસા નાંખ્યે તારાં પાંચ છોકરા નહિ ઉછરે બાઇ ! અને આ ત્રાંબા-પિત્તળનાં ઠામડાંય વેચવાં પડશે. આવા માઠા દા'ડા તું દેખવાની માટે મારૂં કહ્યું માન.''

તે પછીની વાત ઘણાજ ધીમા અવાજે થઇ. મધરાતે કારભારી ઘેર આવ્યા, ત્યારે પલંગ ઉપર એમના પગ દાબતાં દાબતાં જશોદાએ વાત ઉચ્ચારી. પ્રથમ તો વર્ણન ઘરની ગરીબી વિષે થવા લાગ્યું. નિર્ધન સ્વામીની છાયા જેવી પત્ની જશોદા, ઓછાબોલી સંતોષી જશોદા આવી વાત વર્ષે-છ માસે એકાદવાર કરતી !

'પણ એમાં ચિંતા શી ? ભગતની ભાવઠ ભગવાન ભાંગશે, ને પ્રભુ કોઈ દિ' સારો અવસર દેખાડશે'

પણ હું યે એનીજ વાત કરૂં છું, સારો દિવસ તો મારો લાલ અનેક જૂજવી જૂજવી રીતે દેખાડે છે.

'કહે' શી રીતે દેખાડશે ?

'હું તો માનું છું કે એણે જ, મારા વાલાજીએ જ મારા ભાઇને આજે અહીં મોકલેલ છે'.

'હં હં' ! કારભારીનું કુતૂહલ વધ્યું.

જશોદા પતિને કોઇ અકળ સમસ્યાની ચાવી બતાવતી હોય તે પ્રકારે બોલી ગઇ.

'મારા ભાઇએ જ કહ્યું કે તમે તમારે કશા ય ઊંડા પાણીમાં ન ઉતરો. ફક્ત આટલું કરો કે એ જેના સામી આંખો માંડે, તેની ચીઠ્ઠી ઉપાડી નાખવી'.

'શું ? શું ?' કારભારી આ સતજુગી સ્ત્રીના ગોટા ઉપર રમૂજ પામતા હતા.

'એમ કે જામદારખાનું છે ને ?'

'હા.'

'તે ત્યાં તમે લિલામ વખતે જાવ ને ?'

'હા'.

'તે લગીરેક વેલા જાવ'.

'હા'.

'મારા ભાઇને જોડે લઇ જાવ. નંગો બનાવવા સારૂ લઇ જાવ ખરાને'.

'હા. હા'.

એ જે નંગ ઉપર નજર માંડે તમને ઇશારો કરે, તે નંગ ઉપરથી તમારે ચીઠ્ઠી ઉખાડી નાખવી એટલે એ નંગને લિલામમાં કોઇ માંગે નહિ. પછી કાલે એ તમે ઘેર લઇ આવો. પછી મારો ભાઇ છે, ને એ નંગો છે. એ ચાર નાનાં નંગ હશે તેનું પણ મારો ભગવાન સાત પેઢી સુધી ખાઇએ એટલું અપાવશે.

કારભારીના પગનાં આંગળાં પત્નીના શરીર ઉપર કોમળ સ્પર્શથી ફરી રહ્યા હતાં, તે ધીમેથી બંધ રહ્યાં. સ્ત્રીએ જોયું કે, પતિને આ વાત કંઇક ગળે ઉતરતી જાય છે. એટલે એણે જેટલું કહેવાનું હતું તેની પૂર્તિ કરી.

'કોઇ કરતાં કોઇને જાણ થવાની નથી. રાજમાં કોઇને આ વાતનો હિસાબ નથી. તમે એકલા જ બધું જાણો છો, અરે તમને ય કયાં ખબર છે કે, ફલાણાં નંગ કેટલાં ને કેટલાં ઢીંકણાં નંગ! અઢળક ખજાનો; ખજુરાના હજાર પગ: એક ભાંગ્યે શો તૂટો આવી જવાનો ?'

કારભારીએ આંગળાં સહેજ સંકોડી લીધાં, જશોદા ફરીથી બોલી.

'તમે ભલે ગંગોત્રીના જળ જેવા નિર્મળ રહ્યા છો, પણ ગામ કાંઇ કહ્યા વિનાનું રહ્યું છે? ગામ તો તમામ ગપત–ભંડારની કંઇક વાતો હાંકે છે. આમેય જશ નથી ને આમેય લાભ નથી, તો પછી મારો ભાઇ બચારો કહે છે કે, આવા હૈયાફૂટા શા સારૂ થવું? કોણ જશના પોટલા બંધાવી દેવાનું છે? ને આમાં તો જામદારખાનામાંથી લેવું છે ને? એ કયાં કોઇની ચોરી છે?'

કારભારી પલંગ પરથી ખડા થયા, બોલ્યા–ચાલ્યા વિના એ બહાર નીકળ્યા. ચોગાન ઓળંગીને સામી પરસાળે ચડ્યા. અવાજ કર્યો.

નૌતમ ઝવેરી !

મ્હેમાન જાગી ઊઠયા. કારભારી કશીક મસલત કરવા આવ્યા હશે, એમ માન્યું. કહ્યુંઃ 'પધારો ને! કયારે બહારથી આવ્યા ?'

હું તમને કહેવા આવ્યો છું કે, પરોઢિયાના ચાર વાગ્યાની ટ્રેઇન છે, તમારે એ ટ્રેઇનમાં ઉપડવાનું છે.'

'કેમ ? કયાં ?'

'તમારે ઘેર'

'પણ લિલામ ?'

'લિલામમાં તમારે ઊભા રહેવાનું નથી, તમારા નામનો ભાગ સુદ્ધાં કોઇ જોડે રાખવાનો નથી ને તમારી પઢાવેલી બહેનને પણ તમારે જોડે લઇ જવાની છે.

'કેમ! કેમ!'

'તમને ઝવેરાતના વેપારમાં જશોદા ઘણીજ મદદગાર થઇ પડશે.'

'પણ—'

'પણબણ કશુંજ નહિ. હું ઘોડાગાડીની વરધી આપું છું. જશોદાને તૈયાર કરૂં છું, તમને પટાવાળો પોણાચારને ટકોરે જગાડવા આવશે.'

એટલું કહીને કારભારી પોતાને ઓરડે ગયા. ત્યાંથી ઠંડીગાર હવાનું કાળજું વીંધીને આવા આવા તૂટક સ્વરો ઝવેરીના કાનમાં પ્રવેશતા હતા.

'ત્રીશ વર્ષ તેં મારૂં પડખું સેવ્યું–ત્રીશ વર્ષ ધિઃક છે-હું ભૂલ્યો–કુળ ભૂલ્યો–જોવામાં ભૂલ્યો–સ્ત્રી મારી શત્રુ–મને ખબર નહોતી–જાત નહિ કજાત ......વગેરે વગેરે.'

'પણ—'

'પણ ને બણ કશું નહિ. જાઓ પિયર.'

૨

'પણ ને બણ કશુંજ નહિ. ચાવીઓ નહિ મળે. તોડો તાળાં.'

એજ ઘરમાં એજ પરસાળ ઉપર પાંચ વર્ષ પછી આજ બોલના ઘોષ ઉઠી રહ્યા છે. બે અવાજો પૈકી એક અવાજ એનો એજ છે.

પાંચ ચોમાસાનાં પાણી આ બનાવ ઉપર વરસી ગયાં હતાં. કારભારી વિશેષ જઇફ બન્યા હતા. જશોદાને વધુ સોજા ચઢયા હતા. જુવાનજોધ પુત્રના અવસાનમા જેવો મામલો મચી રહ્યો હતો. રાજના પોલીસ અધિકારી ફત્તેહખાન પોતાની ટુકડી લઇને કામદારના ઘર પર આવી ઊભા હતા. પોલીસને બહાર ખડી કરી ફતેહખાન અંદર લાચાર ચહેરે વિનય ધરીને કારભારીને સમજાવતા હતા:

'પણ સાહેબ, આપને ખાતરી છે, તો પછી ચાવીઓ આપવામાં વાંધો શો છે?'

'નહિ, નહિ, ચાવીઓ નહિ આપું. મહારાજા રાઓલજીનું આ મકાન છે, એનીજ આ ધરતી છે, સુખેથી એ જડતી લઇ શકે છે; પણ તે તાળાં તોડીને. મારી ચાવીઓ વતી તાળાં ખોલીને નહિ.'

'સાહેબ, પણ આમાં મારી કમબખતી છે. હું આપનું ફરજંદ, મારે ઊઠીને તાળાં તોડવા?'

'રાઓલજીને કોઇએ ભરાવ્યું છે, તે તો હમણાં નીકળી જશે ને એ શરમિંદા બનશે, સાહેબ! ફક્ત આપ જો............

'કશુંજ બીજું બનવાનું નથી. ખાનસાહેબ!' કારભારીનું શરીર ધ્રૂજી ઊઠયું હતું. 'તોડો તાળાં. ને ગોતી લ્યો ગંઠો.

એક પહેરણભેર કારભારી ચોગાનમાં ઊભા રહ્યા, પરસાળને ખૂણે એનાં નાનાં ભાણેજડાં રડારોળ કરતાં હતા. ને જશોદા બે હાથ જોડીને વીનવતી હતી કે શા સારૂ તોડાવો છો? ચાવીઓ આપવામાં આપણું શું જાય છે!

તું ઊઠીને મને આવી શિખામણ આપે છે કે?

કારભારીના સ્વરમાં ચિરાડો પડી રહી હતી.

ફતેહખાને બહાર જઈ ત્રણ ચાર ઠેકાણે ટેલીફોન કર્યાં, ભારે પગલે એ ઘરમાં આવ્યા, સાથે સીદી સિપાહીઓ હતા.

મુખ્ય ઓરડામાં જઇને ફતેહખાને સિપાહીઓને પહેલી પેટી બતાવી.

એ પેટી ઉપર સિપાહીઓના હથોડા જે ક્ષણે પ્રથમવાર પટક્યાં. તેજ ઘડીએ એક સામટા પંદર કટ-બીઓના કંઠમાંથી કિકિયારા ઉઠયા, રડારોળ ન સહેવાય તેવી બની. ફતેહખાન લડાઇમાં જઇ આવેલા કઠણ છાતીવાળા અફસર હતા. પણ આજથી પચીશ વર્ષ ઉપર એક કારભારીના ભર્યા ઘરનાં તાળાં રાજના દાગીનાની ચોરીના આળસર તુટે એ બનાવમાં જે ભેદકતા રહી હતી, તે ભેદકતા યુધ્ધક્ષેત્રમાંની કાપાકાપીમાં એને કદીજ નહોતી લાગી.

સુવાવડી બે દીકરીઓ ભીંત સાથે શિર પટકવા લાગી, ત્યારે ફતેહખાનથી ન જોવાયું. એણે કારભારી તરફ નજર કરી. ડોસા ચુપચાપ અડગ ઉભા છે. ડોસાના કપાળ પર એક સામટાં દસ હળ હાલતાં હોય તેવી ઊંડી કરચલીઓ ખોદાઇ રહેલ છે. ડોસાની સફેદ પાંપણો આંખો ઉપર ઢળી પડેલ છે.

ફતેહખાને જઈને કહ્યું, 'સાહેબ! આ દીકરીઓ તાજી સુવાવડી છે. એની તબિયતનો વિચાર કરો.'

'રાઓલજીની ય એ દીકરીઓ છે ને ખાનસાહેબ? રાઓલજીને પણ ગમ્મત માણવા દો.'

હથોડાની ઝીંકાઝીંક બોલી. એકવાર મર્યાદાનો પડદો તૂટયા પછી સિપાહીઓને ભાંગફોડની લજ્જત આવી. એ ભાંગફોડે એક કલાકમાં તો ઘરને ખેદાન-મેદાન કર્યું. તૂટેલાં પેટીઓને કબાટોમાંથી લુગડાં લેતાં ફેંદાઇ આખા ઘરમાં ફેંકાયાં. એક સામટી પચાસેક હાંડીઓનાં ખાંપણોવડે પથરાયેલા સ્મશાન જેવું ભીષણ દીવાનનું ઘર બની ગયું. ફૂટ ફૂટ ઊંડી તો ઘરની જમીન ખોદાઇ ગઈ. ઘરની ચોપાસ ગામલોક સૂનમૂન થયું હતું.

ઓરડે ઓરડો ફેંદીને ફતેહખાન બહાર નીકળ્યા 'કંઇજ નથી સાહેબ!' કહીને શરમિંદા બન્યા, ત્યારે બહાર ઘોડાગાડીનો સંચર સંભલાયો. ન્યાયાધીશ દોડતાં દોડતાં અંદર આવ્યા, ફતેહખાન પ્રત્યે બોલી ઉઠયા; બહાર બાપુ પધારેલ છે, કહે છે કે, જડતી બંધ કરો. ગંઠો જડી ગયો છે.'

'હેં ગંઠો જડી ગયો!' એક અવાજ સંભળાયો.

એ બોલનારી કારભારી સાહેબની સુવાવડી પુત્રી હતી, સહુનું લક્ષ ત્યાં ગયું.

'ગંઠો જડ્યો કે? મારા બાપુએ નો'તો ચોર્યો

# યાદ રાખો

### પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ.

**યાદ રાખો:**-દુનિયાની તમામ ઋદ્ધિ અને સિદ્ધિઓ મળવી સુલભ છે. પ્રરંતુ વીતરાગ પરમાત્માના ધર્મયુક્ત માનવદેહ મળવો અત્યંત દુર્લભ છે.

**યાદ રાખો:**-મોડું અગર વહેલું સૌ કોઇને એક દિન મરવાનું તો છે જ. તો પછી મરણથી શા માટે ડરો છો ? પાપથી ડરતા રહો.

**યાદ રાખો:**-"આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા" એવાં વચન બોલનારા ધીઠા માણુસને જ જો પરલોક નીકળ્યો તો મોરારજી મીલની ચાદર ઓઢીને પોક મૂકવી પડશે. ત્યાં કોઈ પણ દલીલ કામ નહિ લાગે.

**યાદ રાખો:**-કાળાબજારથી, લાંચ-રૂશ્વતથી, કે લુંટફાટથી ગમે તેવી રીતે એકઠી કરેલી દોલત તમારા મરણ બાદ તમારી સાથે નહિ આવે. પણ તેનાથી કરેલો ભયંકર પાપાચાર તમારી સાથે આવી અનેક લાતો ખવડાવી તમારો ભાત કાઢી નાંખશે.

**યાદ રાખો:**-તમારા સ્નેહી-સંબંધીઓ ખાતર તમો ધર્મને ભૂલી જઇ આત્માની ખાનાખરાબી કરી રહ્યા છો, પણ આ લોકમાં તમારી ખાનાખરાબી થતા તેઓ તમારી સ્હામું જોવાની પણ તસ્દી નહિ લે.

**યાદ રાખો:**-અહિંસા, સંયમ અને તપની સાચી વ્યાખ્યાના જ્ઞાન સિવાય અને તેના સુંદર પાલન સિવાય જગતમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાની વાતો આકાશકુસુમવત્ છે.

**યાદ રાખો**: જે આત્માઓ ધર્મનું રક્ષણ કરે છે. તેમના રક્ષણની ચિન્તા ધર્મ પોતેજ રાખે છે.

---

કે ? હે', નો'તો ચોર્યો કે ?' ચોર બીજા હતા કે ? બાપુજીને અમથા ચૂંથ્યા કે ? હે'-હે'-હે'-હે'

એવું બોલતી, હસતી, ચીસો પાડતી, રડતી, દાંતિયાં કરતી એ સુઆવડી દીકરી નીચે પટકાઇ. પરસાળના પથ્થરોએ એનું માથું ફોડી નાંખ્યું.

વૃદ્ધ કારભારીએ માથું ખોળામાં લીધું ત્યારે એમાં જીવ નહોતો રહ્યો.

---

**યાદ રાખો:**-જે પ્રજા અગર સલ્તનત પતિત-પાવન કરનારી ધર્મ જેવી અમૂલ ચીજને અપનાવતી નથી. તે પોતાનો નાશ સ્વયં નોતરી રહી છે.

**યાદ રાખો:**-તમારૂં જીવન તમને જેટલું પ્રિય છે, તેટલુંજ પ્રિય પોતાનું જીવન અન્ય પ્રાણીઓને પણ છે. માટેજ કોઇને પણ મારી નાંખવાનો તમને અધિકાર નથી.

**યાદ રાખો:**-અભિમાનમાં અક્કડ બની દેવ-ગુરૂને જો તમો તમારૂં મસ્તક નહિ ઝુકાવશો, તો પ્રતિકૂળ સંજોગો આવતાં તમારે લબાડી અને અનાડી આત્માઓને શીર ઝુકાવ્યા વિના નહિ ચાલે

**યાદ રાખો:**- સમસ્ત દુઃખોને દૂર કરનાર એક પ્રભુભક્તિ છે. ભક્તિ વિનાનું જીવન એ પશુ-જીવન છે.

**યાદ રાખો:**-જે કાંઈ ભલું-બુરૂં થાય છે. તે તમારા પૂર્વકૃત શુભાશુભ કર્મોથીજ થાય છે. અન્ય તો નિમિત્ત માત્ર છે. તમારી પોતાની ભૂલ જોતા શીખો.

**યાદ રાખો**-વાંદરા ડુક્કર અને તીડ આદિ પ્રાણીઓના જીવનના ભોગે માનવોનીજ રક્ષા કરવાનો સિદ્ધાન્ત, સંકુચીત, તુચ્છ, દયાહીન અને અજ્ઞાની ભેજામાંથી જન્મેલો હોઇ સુજ્ઞપુરૂષો માટે તે બીલ્કુલ આવકાર-દાયક નથી જ.

**યાદરાખો** -રાગ અને દ્વેષ સિવાય તમારો કોઇ શત્રુ જ નથી. અન્યમાં શત્રુતાની કલ્પના કરનાર **नमो अरिहंताणं** એ પદના વાસ્તવિક અર્થને સમજ્યા જ નથી.

**યાદ રાખો:**-તમારી સદ્ગતિનો આધાર દુનિયાની સલામો ઉપર, માનતાન ઉપર, કે તમારી સ્મશાન-યાત્રામાં ભેગી થયેલી માનવોની વિશાળ સંખ્યા ઉપર રહેતો નથી. પરન્તુ તેનો આધાર તમારા જીવનમાં તમોએ પાળેલા સદાચાર ઉપર છે.

**યાદ રાખો:**-આ લોકની સત્તાના કાયદા-કાનુનોને તમો ધારો તો ઉંચકીને ફેંકી શકશો. પરન્તુ કર્મ-સત્તાના કાનુનને આધીન થયા વિના તમારો બાપનો પણ છુટકો થવાનો નથી.

**યાદ રાખો**:–જે વર્તાવ તમોને પોતાને પસંદ પડતો નથી. તે જ વર્તાવ તમારે અન્ય પ્રત્યે નહિ કરવો જોઈએ. આટલી ધર્મની ટુંકી અને ટચ વ્યાખ્યાનો અમલ કરશો તો પણ ઘણું કર્યું કહેવાશે.

**યાદ રાખો**:–આશાના જે દાસ છે તે સમસ્ત જગતના દાસ છે. પણ આશાને જેમણે દાસી બનાવી છે. તેનું સમસ્ત જગત દાસ છે.

**યાદ રાખો**:–તમો જેને વિપત્તિ માનો છો, એ સાચી વિપત્તિ નથી. તેમ સંપત્તિ એ સાચી સંપત્તિ નથી. પરંતુ વીતરાગપરમાત્માના નામનું વિસ્મરણ એજ સાચી વિપત્તિ અને વીતરાગદેવનું સ્મરણ એજ સાચી સંપત્તિ છે.

**યાદ રાખો**:–આશાઓ અનંતી છે, અને આયુષ્ય પરિમિત છે. આશાનો ગહરો ખાડો કદી પુરાતો જ નથી. માટે પરિમિત આયુષ્યદ્વારા આશાઓને પરિમિત બનાવશો, તો સંસાર પણ પરિમિત બનવાની આશા સેવી શકાશે.

**યાદ રાખો**:–તમો અન્યને ડાહીડાહી શિખામણ આપવા માટે જેટલી કાળજી રાખો છો, તેટલી જ કાળજી તે શિખામણો પ્રમાણે તમો પોતે વર્તન કરવા જો રાખો તો સદ્દગતિ હાથમાં જ છે.

**યાદ રાખો**:–જે વિષયમાં તમો પોતે નિષ્ણાત (Expert) ન હો, તેમાં તમારી સલાહ બીલકુલ નિરૂપયોગી હોવા સાથ "કુંભાર કરતા ગધેડા વધુ ડાહ્યા હોય છે." એ કહેવતને ચરિતાર્થ કરનારી છે.

**યાદ રાખો**:–તમારા પૂર્વકૃત પુણ્યના પ્રભાવે કદાચ આ ભવમાં તમોને સઘળા ગુન્હાઓની માફી મળશે, પરંતુ પુણ્ય ખતમ થતાં સઘળા ગુન્હાઓની અસહ્ય શિક્ષા સહન કર્યા વિના છુટકો નથી.

**યાદ રાખો**:–આ અસાર સંસારમાં સુખની શોધ કરવાનો પ્રયત્ન એ પાણી વલોવી માખણ પ્રાપ્ત કરવા જેવી અજ્ઞાન ચેષ્ટા સિવાય બીજું કાંઇજ નથી.

**યાદ રાખો**:–પાપ કરતી વખતે પીઠ થાબડનારા અનેકો મળશે, પરન્તુ પીઠ ઉપર જ્યારે લાઠીઓ પડશે ત્યારે પોતાની પીઠ ધરવા કોઇ નહિ આવે.

**યાદ રાખો**:–તમારો પુણ્યપ્રદીપ જ્યાં સુધી ઝગમગતો છે, ત્યાં સુધી સૌ કોઇ તમને અનુકુળ બની રહેશે. પરન્તુ તે દીપક જ્યારે બુઝાઈ જશે ત્યારે તે મિત્રો તમારા શત્રુ બનશે.

**યાદ રાખો**:–વીતરાગદેવના મંદિરો એ જન્મ-મરણના કારમા રોગોનું ઓપરેશન કરનારી ભવ્ય હોસ્પીટલો છે, અને ઉપાશ્રયો એ જીવાદિ તત્વોનું અપૂર્વ જ્ઞાન કરાવનારી ભવ્ય કોલેજો છે. અને પૂ. મુનિરાજો નિઃસ્વાર્થ પ્રોફેસરો છે. તેમનો નાશ કરવાની દુષ્ટ કાર્યવાહી ખરેખર પોતાનો જ નાશ નોતરી રહી છે.

**યાદ રાખો**:–'મેં ઓર મેરા'ની મારામારી છૂટે નહિ, ત્યાં સુધી ચોરાશી લાખના ફેરા ટળવા મુશ્કેલ છે.

★ જુના અને જાણીતા ★
**ફોટોગ્રાફર્સ એન્ડ આર્ટીસ્ટસ**

**અમૃતલાલ ટી. દવે એન્ડ સન્સ**
: માલિક :
**ધી મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ**
**ઠે. બાબુ બિલ્ડીંગ : પાલીતાણા.**

હાઇકલાસ ફોટોગ્રાફી તથા પેઈન્ટીંગ માટેનું ૪૧ વરસથી જુનું અને જાણીતું આર્ટ હાઉસ. એકાદ કામ આપી કામની ઉત્તમતા માટે ખાત્રી કરવા ખાસ આગ્રહ કરવામાં આવે છે.

# મા ૦ સિ ૦ ક ૦ ટૂં ૦ કા ૦ સ ૦ મા ૦ ચા ૦ ર

ધાર્મિક પબ્લીક ટ્રસ્ટબીલનો અમલ તા. ૧-૧-૫૨ સુધી મુલતવી રહ્યો છે. આમ વારંવાર અમલની તારીખ ફેરવવા કરતાં કાયદાપોથીમાંથી બીલ રદબાતલ કરવું જરૂરી છે.

પુના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી માસ્તર જમનાદાસ લાલજીએ સૌરાષ્ટ્રના અમુક શહેરોની પાઠશાળાઓની મુલાકાત લીધી હતી. અને ધાર્મિક શિક્ષણનો પ્રચાર કર્યો હતો.

બેલગામ ઠળકવાડીમાં રહેતા શ્રી નવીનચંદ્ર અમૃતલાલ શાહ જેઓની ઉમર ફક્ત છ વર્ષની છે, જેઓએ નવપદ ઓળીનું આરાધન કર્યું છે.

બેલગામ નજીક ચીકકોડી ગામના સ્ટેશન માસ્તરનો પુત્ર જન્મ પછી નવ દિવસથી મને જે માગવા આવે તેને આપી દેજો. એમ બોલે છે, છોકરાના શરીર ઉપર શંખ, ચક્ર, ગદા, પદ્મનું ચિહ્ન છે. આ અહેવાલ સુમાહીતગાર સ્થળેથી મળ્યો છે.

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ અમદાવાદનો ચોવીશમો વાર્ષિક ઉત્સવ શેઠ શ્રી જેશીંગભાઇ કાળીદાસ જરીવાળાના પ્રમુખસ્થાને તા. ૧૧-૧૧-૫૧ ના રોજ ઉજવાયો છે.

જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહદ શાખાનું વડોદરા ખાતે શેઠ શ્રી રંગીલદાસ છગનલાલના શુભ હસ્તે તા. ૧૧-૧૦-૫૧ના રોજ ઉદ્‌ઘાટન થયું હતું.

શ્રી જૈન જ્ઞાનોત્તેજક ધાર્મિક પાઠશાળાએ ત્રણે વર્ષમાં સારી પ્રગતિ કરી છે. કાર્તિક શુદિ ૧ના દિવસે સી. અંબાલાલ કું. તરફથી પાઠશાળાના વિદ્યાર્થીઓને બરફીની પ્રભાવના થઇ હતી.

ભગવાન મહાવીરદેવનું આદર્શ જીવનચરિત્ર એ નામની પુસ્તકા પાંચ આના મોકલવાથી ભેટ મળશે. શીરનામું પ્રવીણચંદ્ર બી. શાહ જી. હાણા મુરબાડ.

---


ટૂંક સમયમાંજ બહાર પડે છે, વ્યાકરણનો અપ્રસિદ્ધ અપૂર્વ ગ્રંથ

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિ વિરચિત "લઘુપ્રક્રિયા"

ગ્રંથ ઉપરનું સ્વોપજ્ઞ વિસ્તૃત વિવરણરૂપ

## શ્રી હૈ મ પ્ર કા શ મ હા વ્યા ક ર ણ [ ઉત્તરાર્ધ ]

**સંપાદકઃ સ્વ. પૂ૦ આચાર્ય શ્રી વિજયક્ષમાભદ્રસૂરિજી મહારાજ**

ઉપરોક્ત ગ્રંથમાં આખ્યાતપ્રક્રિયા અને કૃદન્તપ્રક્રિયાના બે વિભાગમાં દશગણના ધાતુઓ, દશપ્રક્રિયા, કૃદન્તપ્રક્રિયા, વ્યુત્પત્તિ દર્શાવવાપૂર્વક ઉણાદિકોષ અને સૂત્રોનો અકારાદિ ક્રમ બતાવવામાં આવ્યો છે.

આ ઉપરાંત મહાભાષ્ય વૈયાકરણભૂષણમ્. વાક્યપ્રદીપ, સિદ્ધહેમબૃહદવૃત્તિ અને ન્યાસ, સિદ્ધાંતકૌમુદી ઇત્યાદિ અનેક પ્રાચીન ગ્રંથોના વિષયોની સુંદર છણાવટ કરવામાં આવી છે.

નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળ પર છપાયેલ ૬૨૫ પાનાનો દળદાર, સુશોભિત પાકું બાઇન્ડીંગ કરેલ આ ગ્રંથની કિંમત રૂપિયા ૧૧) અગીયાર આગળથી રકમ મોકલી ઓર્ડર નોંધાવનાર માટે કિંમત રૂપિયા ૮॥) સાડા આઠ રાખવામાં આવેલ છે.

હૈમપ્રકાશ મહાવ્યાકરણ [ પૂર્વાર્ધ ] કિંમત રૂ. ૮) સાધુ-સાધ્વી માટે રૂ. ૬)

હૈમલિંગાનુશાસન વિવરણમ્ કિંમત રૂ. ૪॥. સાધુ-સાધ્વી માટે રૂ. ૩॥.

પ્રાપ્તિસ્થાનઃ-શાહ [illegible] સોમચંદ ૫૭-૫૯ જુના મોદીખાના-કોટ, મુંબઈ

Reg. No. 4925

# મંગાવો ! લાઈબ્રેરીને શણગારે એવાં ધાર્મિક સુંદર પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ક્રિયાવર | ૧-૦-૦ | ઇલાચીકુમાર | ૨-૮-૦ |
| શ્રાવકધર્મવિધાન | ૩-૮-૦ | પુરુષાર્થ | ૪-૦-૦ |
| શ્રાધવિધિ ભાષાંતર | ૬-૦-૦ | ભગવાન ઋષભદેવ | ૪-૮-૦ |
| જીવનની દિશા | ૧-૮-૦ | નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮-૦ |
| વર્ષપ્રબોધ યાને અષ્ટાંગ નિમિત્ત | ૬-૦-૦ | સુંદરીઓનો શણગાર | ૪-૦-૦ |
| વિક્રમચરિત્ર | ૫-૦-૦ | નમસ્કાર મહામંત્ર | ૨-૮-૦ |
| સિંહાસન બત્રીસી | ૨-૦-૦ | શાંતિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| પુરીષાદાણી પાર્શ્વનાથ | ૪-૦-૦ | સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| દમયંતી ચરિત્ર | ૭-૮-૦ | બાલ ગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩-૦-૦ |
| હમીરગઢ | ૧-૮-૦ | બાલ ગ્રંથાવલિ બીજી શ્રેણી | ૩-૦-૦ |
| રાજા શ્રીપાળ | ૦-૮-૦ | બાલ ગ્રંથાવલિ ત્રીજી શ્રેણી | ૩-૦-૦ |
| આબુ પ્રદક્ષિણા | ૨-૮-૦ | અમર બલિદાન | ૧-૮-૦ |
| અચલગઢ | ૧-૪-૦ | મહર્ષિ મેતારજ | ૪-૪-૦ |
| વસુદેવહિન્ડી | ૧૫-૦-૦ | શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૬-૦ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧-૪-૦ | પાર્શ્વનાથ ચરિત્ર [સચિત્ર] | ૧૩-૦-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | ૧-૮-૦ | તેજપાલનો વિજય | ૧-[illegible] |
| બાહુબલિ | ૪-૦-૦ | આરંભસિદ્ધિ | ૧[illegible]-૮-૦ |
| શ્રીપાળરાજાનો રાસ | ૫-૮-૦ | જૈન તત્ત્વાદર્શ | ૪-૦-૦ |
| મહિયારણુ | ૩-૦-૦ | હિંમતે મર્દા | ૧-૮-૦ |
| લઘુત્રિશષ્ટિ શલાકા પુરુષ પર્વ ૧ થી ૧૦ | ૧૨-૮-૦ | જવાંમર્દ ભા. ૧-૨ | ૨-૮-૦ |
| સ્થુલિભદ્ર | ૪-૮-૦ | સમરાદિત્ય કેવળી ચરિત્ર | ૫-૦-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫-૦-૦ | યોગદૃષ્ટિ સમુચ્ચય | ૬-૦-૦ |
| ભાગ્ય-નિર્માણ | ૩-૪-૦ | પવિત્રતામાં પ્રભુતા | ૫-૦-૦ |
| દેવકુમાર | ૩-૦-૦ | જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર | ૦-૧૨-૦ |
| વીરધર્મની વાતો ભા-૧ લો | ૨-૮-૦ | મત્સ્યગલાગલ | ૪-૮-૦ |
| સોળ સતી | ૧-૮-૦ | જીવન પ્રવાહ | ૩-૦-૦ |
| મહાદેવીઓ | ૩-૮-૦ | કંસવધ | ૩-૦-૦ |
| ભગવાન મલ્લીનાથ | ૨-૮-૦ | આગની ભિતરમાં | ૩-૦-૦ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૦-૦ | સુભદ્રાદેવી | ૪-૦-૦ |
| અભયકુમાર | ૩-૦-૦ | શીલની આદર્શ કથાઓ | ૪-૮-૦ |
| જગડુશાહ | ૩-૦-૦ | ગૂર્જરેશ્વર કુમારપાળ ભા. ૧-૨ | ૯-૦-૦ |
| ચંદનબાળા | ૩-૦-૦ | આનંદ સુધા સિન્ધુ | ૮-૧૨-૦ |
| ડગમગતું સિંહાસન | ૪-૦-૦ | યોગશાસ્ત્ર ભાષાંતર | ૩-૮-૦ |

રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન મળશે. લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી. શાહ : જીવન નિવાસ સામે, પાલીતાણા [સૌરાષ્ટ્ર]**